dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 133 | AD - 2025, Maha Vad- 04 | Sunday, Dt.16-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અન્ય વિવાદાસ્પદ મુદ્દાઓમાં વિશ્વને ભારત પર આશા

## મોદી અને ટ્રમ્પની જોડીનાં કારણે વિશ્વની વ્યવસ્થામાં બદલાવની શક્યતા

વોશિંગ્ટન,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની જૂની મિત્રતા જાણીતી છે. હવે સંયોગથી બંને નેતાઓ વિશ્વના સૌથી જૂના અને સૌથી મોટા લોકશાહીના વડા છે. દુનિયા પહેલાથી જ અમેરિકાને વૈશ્વિક નેતા માને છે. હવે ભારત એક નવો અને ઉભરતો વિશ્વ નેતા બન્યો છે. આવી સ્થિતિમાં, પીએમ મોદી અને ટ્રમ્પની જોડીને કારણે વિશ્વ વ્યવસ્થા બદલાતી દેખાય છે.

તેની પહેલી અસર રશિયા-યુક્રેન યુદ્ધના અંતના સ્વરૂપમાં આવી શકે છે. પીએમ મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ બંને શાંતિના પક્ષમાં છે અને તેઓ આ યુદ્ધને શક્ય તેટલું વહેલી તકે સમાપ્ત કરવા માંગે છે. આ સંદર્ભમાં, પીએમ મોદીએ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે પણ મુલાકાત અને વાતચીત કરી છે અને બંને નેતાઓને વાટાઘાટોના ટેબલ પર લાવવાની ઓફર કરી છે. પરંતુ અમેરિકા હજુ સુધી આ ઈચ્છતું ન હતું. પરંતુ હવે ટ્રમ્પ રાષ્ટ્રપતિ બનતાની સાથે જ અમેરિકાએ પણ રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ અંગે પુતિન અને ઝેલેન્સકી સાથે પણ વાત કરી છે. પીએમ મોદી અને ટ્રમ્પે તેમની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી.



નવી દિલ્હી સ્થિત જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટડીઝના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. અભિષેક શ્રીવાસ્તવના મતે, ટ્રમ્પના રાષ્ટ્રપતિ બનવાથી ભારતને સૌથી વધુ ફાયદો થશે. અમેરિકાના સંપૂર્ણ સમર્થનથી, વિશ્વમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત બનશે. એટલા માટે હવેથી દુનિયા પીએમ મોદી અને ટ્રમ્પની જોડીને બોસ તરીકે જોઈ રહી છે. જોકે, તે કોઈની સાથે ઝઘડો કરવા માંગતા નથી, બલ્કે, ભારત-અમેરિકા સંબંધોને મજબૂત બનાવવાની સાથે, તે વિશ્વની અન્ય શક્તિઓને પણ સાથે લેવા માંગે છે. એટલા માટે તાજેતરમાં એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પે ચીન અને રશિયાને પણ સાથે લેવાની વાત કરી. ટ્રમ્પે કહ્યું કે ભારત અને અમેરિકા મિત્રો છે. પીએમ મોદી અમારા જૂના મિત્ર છે. રશિયા અને ચીન પણ દુનિયાના મોટા ખેલાડીઓ છે. તેથી, ભારત, અમેરિકા, રશિયા અને ચીન બધા સાથે મળીને આગળ વધી શકે છે. આ બદલાતી વિશ્વ વ્યવસ્થાનો પણ સંકેત છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારતે હવે સમગ્ર વિશ્વમાં એવી છબી બનાવી છે જેના પર દરેક દેશ વિશ્વાસ કરી શકે છે. બે દુશ્મન દેશો પણ પીએમ મોદીની નિષ્પક્ષતામાં માને છે. રશિયા અને યુક્રેન ઉપરાંત, ઈઝરાયલ-પેલેસ્ટાઈન પણ આનું ઉદાહરણ છે. રશિયા અને યુક્રેનની જેમ, ભારતના ઈઝરાયલ અને પેલેસ્ટાઈન બંને સાથે સમાન સંબંધો છે. વિશ્વના અન્ય વિવાદાસ્પદ મુદ્દાઓમાં વિશ્વ ભારત તરફ આશા સાથે જોઈ રહ્યું છે. પછી ભલે તે આબોહવા પરિવર્તન હોય, વૈશ્વિક રોગચાળો હોય કે પછી વિશ્વમાં ખાદ્ય અને ઉર્જા સંકટ હોય, ભારત પાસે દરેક મુદ્દા પર વિશ્વને ઉકેલો પૂરા પાડવાની તાકાત છે.

હવે પીએમ મોદીને ટ્રમ્પનો ટેકો મળતાં, વિશ્વમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત બની છે. આવી સ્થિતિમાં, ભારત અને અમેરિકા હવે વિશ્વના નવા બોસ બની શકે છે. નિષ્ણાતોના મતે, પીએમ મોદી અને ટ્રમ્પની જોડીને કારણે વિશ્વ વ્યવસ્થા બદલાવા લાગી છે. આવનારા સમયમાં તેની વ્યાપક અસરો જોવા મળશે.

### કુલ દેવું લોન ૪.૧૦ લાખ કરોડ રૂપિયાને પાર

## મફતની રેવડીની અસર : મધ્યપ્રદેશ સરકાર ફરી ૫,૦૦૦ કરોડની લોન લેશે

ભોપાલ,તા.૧૫

મધ્યપ્રદેશ સરકાર ૧૮ ફેબ્રુઆરીએ ૫,૦૦૦ કરોડ રૂપિયાનું દેવું લેવા જઈ રહી છે. આ તેમની ૨૦૨૫ ની પહેલી લોન હશે. સરકારી અધિકારીઓએ જણાવ્યું કે લોન લેવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. સરકાર આ નાણાકીય વર્ષમાં ૨૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુની લોન લઈ શકે છે. આનાથી તેમની દેવાની મર્યાદા લગભગ પૂર્ણ થઈ જશે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે અમારી જરૂરિયાત મુજબ લોન લઈશું. મધ્યપ્રદેશ સરકાર ૨૦૨૫ માં નવી લોન લેવાની પ્રક્રિયા શરૂ કરવા માટે કેન્દ્ર સરકારની મંજૂરીની રાહ જોઈ રહી છે. નવા વર્ષમાં અથવા નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટરમાં, રાજ્ય સરકારોએ લોન લેવા માટે કેન્દ્ર સરકારની મંજૂરી લેવી પડશે. કેન્દ્ર સરકાર રાજ્યની દેવાની સ્થિતિ અને નાણાકીય સ્વાસ્થ્યના આધારે લોન મર્યાદા નક્કી કરે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેને કેન્દ્ર સરકારની મંજૂરી મળે છે, ત્યાં સુધી રાજ્ય સરકાર તેની હાલની મર્યાદાનો ઉપયોગ



કરીને ઉધાર લઈ શકે છે, જેનો ઉપયોગ નાણાકીય વર્ષના છેલ્લા ક્વાર્ટર પહેલા કરવામાં આવ્યો નથી. કેન્દ્ર સરકારની મંજૂરી મળ્યા પછી, નવી મર્યાદા મુજબ લોન લઈ શકાય છે. જો સરકાર તેની બાકીની મર્યાદા અને કેન્દ્ર તરફથી નવી મંજૂરી પછી મળેલી મર્યાદા બંનેનો ઉપયોગ કરીને ઉધાર લેવા માંગતી હોય, તો તે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ ઉધાર લઈ શકે છે. પરંતુ અધિકારીઓ કહે છે કે કદાચ આટલી લોનની જરૂર નહીં પડે. ૩૧ માર્ચે મધ્યપ્રદેશ સરકાર પર ૩.૭૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું દેવું હતું. આ નાણાકીય વર્ષમાં નિયમિત અંતરાલે લેવામાં આવેલી લોન બાદ, રાજ્યનું દેવું રૂ. ૪.૧૦ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. નવી લોન લીધા પછી આમાં વધુ વધારો થશે.

## વિશ્વમાં લોકશાહીનું ભવિષ્ય જોખમમાં છે, પરંતુ ભારત તમામ પડકારો માટે સજ્જ : વિદેશ મંત્રી એસ. જયશંકર

નવીદિલ્હી,તા.૧૫

ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે મ્યુનિક સુરક્ષા પરિષદની બેઠકમાં હાજરી આપી હતી. બેઠકમાં, વિદેશ મંત્રીએ ભારત અને વિશ્વમાં લોકશાહીના મહત્વ વિશે વાત કરી અને કહ્યું કે લોકશાહીએ વિશ્વને ઘણું બધું આપ્યું છે. મ્યુનિક સુરક્ષા પરિષદમાં લોકશાહીના વિષય પર એક બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકર, નોર્વેના વડાપ્રધાન અને યુએસ સેનેટર એલિસા સ્લોટકીન અને વોર્સોના મેયર રફાલ ટ્રાસ્કોવસ્કાએ પેનલિસ્ટ તરીકે હાજરી આપી હતી. મિટિંગમાં કેટલાક પેનલિસ્ટોએ જણાવ્યું હતું કે વિશ્વમાં લોકશાહીનું ભવિષ્ય જોખમમાં છે. જોકે, ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે આ દાવાને નકારી કાઢ્યો અને કહ્યું કે 'હું લોકશાહી અંગે આશાવાદી છું. હું હમણાં જ મારા રાજ્યમાં ચૂંટણીમાં ભાગ લઈને પાછો ફર્યો છું. ગયા વર્ષે, આપણા દેશમાં રાષ્ટ્રીય ચૂંટણીઓ યોજાઈ હતી અને કુલ મતદારોના લગભગ બે તૃતીયાંશ લોકોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ દરમિયાન ડૉ. જયશંકરે મતદાન દરમિયાન પોતાની આંગળી પરની શાહી બતાવી. ડૉ. એસ. જયશંકરે



કહ્યું કે 'ચૂંટણી પરિણામો અંગે કોઈ મતભેદ નથી અને મતદાન શરૂ થયા પછી હવે ૨૦ ટકા વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છે.' જયશંકરે કહ્યું કે 'એવું કહેવામાં આવી રહ્યું છે કે આખી દુનિયામાં લોકશાહી ખતરામાં છે, પરંતુ હું એવું માનતો નથી.' લોકશાહી સારી રીતે કામ કરી રહી છે અને લોકશાહીએ દુનિયાને ઘણું બધું આપ્યું છે. તેમણે સ્વીકાર્યું કે 'લોકશાહી સામે પડકારો છે અને વિવિધ દેશોમાં પરિસ્થિતિ અલગ અલગ છે, પરંતુ ઘણા દેશોમાં લોકશાહી સારી રીતે કાર્ય કરી રહી છે.' ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતે સ્વતંત્રતા પછી જ લોકશાહીનું મોડેલ અપનાવ્યું. પશ્ચિમી દેશો માને છે કે લોકશાહી તેમની ભેટ છે, પરંતુ વૈશ્વિક દક્ષિણના દેશો માને છે કે લોકશાહી અન્ય દેશો કરતાં ભારતીય સમાજમાં વધુ ઊંડાણપૂર્વક મૂળ ધરાવે છે.

## પ્રયાગરાજમાં બસ અને બોલેરો વચ્ચે અકસ્માતમાં ૧૦ના મોત

પ્રયાગરાજ,તા.૧૫

પ્રયાગરાજમાં મોડી રાત્રે એક મોટો માર્ગ અકસ્માત થયો હતો. મિર્ઝાપુર હાઈવે પર બસ અને બોલેરો વચ્ચે થયેલી ટક્કરમાં ૧૦ લોકોના મોત થયા છે અને ૧૯ લોકો ઘાયલ થયા છે. માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે



પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહોને પોતાના કબજામાં લઈ લીધા છે. તેમજ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે બોલેરોમાં મુસાફરી કરી રહેલા તમામ ૧૦ શ્રદ્ધાળુઓ સંગમ સ્નાન માટે મેળા વિસ્તારમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની બોલેરોનો અકસ્માત થયો. મળતી માહિતી મુજબ, આ ભયાનક માર્ગ અકસ્માત શુક્રવારે મોડી રાત્રે મેજાના પ્રયાગરાજ-મિર્ઝાપુર હાઈવે પર થયો હતો. આ અકસ્માતમાં ૧૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. શ્રદ્ધાળુઓથી ભરેલી બોલેરો અને બસ વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બોલેરોમાં મુસાફરી કરી રહેલા તમામ ૧૦ શ્રદ્ધાળુઓના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. બોલેરોમાં મુસાફરી કરી રહેલા બધા શ્રદ્ધાળુઓ છત્તીસગઢના કોરબા જિલ્લાના રહેવાસી હતા. આ લોકો સંગમ સ્નાન માટે મેળા વિસ્તારમાં આવી રહ્યા હતા.

AIMS - એઈમ્સ HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
Care is our culture
કાર્ડિયાક વિભાગ
• 24 x 7 ફૂલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
• હૃદયનો 2D / 3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
• ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
• ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
• HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
• હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી (સ્પ્રિંગ / સ્ટેન્ટ મુકવું)
• પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
• હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
આયુષ્યમાન ભારત કે મા કાર્ડ ધારક લાભાર્થીને તદ્દન ફ્રી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવિધા ઉપલબ્ધ
ડૉ. અમિત શર્મા
MBBS, DNB (Int Medicine), CCEBDM, DNB (Cardiology)Interventional Cardiologist
સિનીયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ
૧૪ વર્ષનો બહોળો અનુભવ
02792222060
7610810827
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

Sheetal
₹330/- ₹240/-
Pizza Combo
1 All in One Pizza + 1 Cold Coco
Offer Valid : 29-01-2025 to 28-02-2025
શીતલ આઈસ્ક્રીમ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ સામે, અમરેલી. સમય : સવારે 10:00 થી રાત્રે 11:00

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યક્તિની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફૂડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા. ૧૬-૦૨-૨૦૨૫

# વડીયાના આંબેડકર નગરથી મુખ્ય બજાર સુધી રોડનો ડામર ઓગળવા લાગતા ભારે હાલાકી

વડીયા, તા. ૧૫



વડીયામાંથી નેશનલ હાઈવે પસાર થતો હોવાથી હાલ વડીયા ગામતળનો રોડ પણ નેશનલ હાઈવેને સોંપવામાં આવેલ છે. ત્યારે આંબેડકર નગરથી મુખ્ય બજારમાંથી પસાર થતા આ સિમેન્ટ રોડ પર થોડા સમય પહેલા નેશનલ હાઈવે દ્વારા ડામરનો પેવર કરવામાં આવ્યો છે. આ ડામરનો બનાવેલ પેવર હાલ ઉનાળાની શરૂઆત થઈ નથી ત્યાં જ ઓગળવા લાગ્યો છે. ત્યારે હાલ આ રોડ પરથી રાહદારીઓને પસાર થવું મુશ્કેલ બન્યું છે. તેમજ અકસ્માતની સંભાવના પણ વધી રહી છે. જો અત્યારે રોડની આ હાલત હોય તો માર્ચ થી મે મહિના સુધીમાં તાપમાન ૪૦ ડિગ્રી થશે ત્યારે શું હાલત હશે ? લોકો અકસ્માતનો ભોગ ન બને તે પહેલા આ રસ્તા પર પાથરેલા ડામરનું પેવર રીપેરીંગ કરવા લોકોમાંથી માંગણી ઉઠી છે.

# દામનગરમાં સીટી સર્વે કચેરી બંધ રહેતા અરજદારોમાં રોષ

દામનગર, તા.૧૫



દામનગરમાં આવેલ સીટી સર્વે કચેરી છેલ્લા ૬ માસથી બંધ રહેતા અરજદારો મુશ્કેલીમાં મુકાયા છે. અનેક વખત આ બાબતે રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. આ કચેરીમાં કોઈ અધિકારી કે કર્મચારી પણ ડોકાતા નથી તથા શું આ કચેરી બંધ કરી દેવામાં આવી છે ? તેવા પ્રશ્નો લોકમુખે ચર્ચાતા જોવા મળ્યા છે. દામનગર શહેરમાં આવેલ સીટી સર્વે કચેરી બંધ રહેતી હોય ત્યારે અરજદારો ધક્કા ખાઈને પરત ફરી રહ્યાં છે અને અરજદારોનાં કામો પણ ટલ્લે ચડયા છે. અરજદારોએ સ્થાનિક નેતાઓને રજૂઆત કરવા છતાં તેનો કોઈ ઉકેલ આવતો નથી. જેથી લોકોને હાડમારી સહન કરવાનો વારો આવ્યો છે. ત્યારે તાકીદે આ બંધ કચેરી શરૂ કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યાં છે.

# બાબરામાં ડ્રાયવરને હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપી

બાબરા, તા.૧૫

બાબરામાં રહેતા ડ્રાયવરને ગાળો બોલીને હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે અરમાનભાઈ નટુભાઈ વરસડા (ઉ.વ.૨૦)એ રૂપેશભાઈ મનુભાઈ કડેવાળ તથા સંજયભાઈ બાલાભાઈ કડેવાળ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ નીલવડા રોડ ઉપર કામકાજ અર્થે અવારનવાર જતા હતા. જેથી તેમને સારૂ નહીં લાગતા અહીં આવવાની ના પાડી, ગાળો બોલી લાકડી વડે આખા શરીરે આડેધડ મુંઢમાર માર્યો હતો. તેમજ ઢીકાપાટુ વડે મુઢમાર મારીને હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.બી. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાની સરકારી કોલેજમાં આરોગ્ય જાગૃતિ અંગે સેમિનાર યોજાયો

લીલીયા, તા.૧૫



લીલીયા મોટાની સરકારી વિનયન અને વાણીજ્ય કોલેજ ખાતે આરોગ્ય જાગૃતિ વિશે સેમિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં આરોગ્યની જાળવણી અને તેના આયુર્વેદીક ઉપાયો અંગે આયુર્વેદના અનુભવી શૈલેશભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ શુક્રવારે યોજાયો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન અધ્યાપક ડૉ. પ્રકાશ પી. પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સામુદાયિક સેવા ધારા તથા NSSના સંયુકત ઉપક્રમે યોજાયેલ હતો. કોલેજના વિદ્યાર્થીઓએ ખુબ રસપૂર્વક આ સેમિનારનો લાભ લીધો હતો. કોલેજના તમામ સ્ટાફે આ કાર્યક્રમ સફળ બનાવવામાં જહેમત ઉઠાવી હતી.

# રાજુલાના નવા ચારોડીયા ગામે ઘરમાંથી રોકડા એક લાખની ચોરી

રાજુલા, તા.૧૫

રાજુલાના નવા ચારોડીયા ગામે એક રહેણાંક મકાનમાં ત્રાટકેલ ચોર ઈસમ રોકડા એક લાખ સહિત કુલ ૧.૧૦ લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે રામભાઈ હકાભાઈ ડોબરીયા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, અજાણ્યો ચોર ઈસમ તેમના મકાનમાં ત્રાટક્યો હતો. મકાનના રૂમનું તાળું તોડી કબાટમાં રહેલા રોકડા એક લાખ તથા ૧૦ હજારની કિંમતના સોનાનો ચેન મળી કુલ ૧.૧૦ લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# પ્રસિધ્ધ ગંગેશ્વર મહાદેવ ખાતે ૩૪મું શિવપુરાણ, પુનઃ પ્રાણપ્રતિષ્ઠા સહિત ત્રિવિધ ધર્મોત્સવ યોજાશે

બાબરા, તા.૧૫

બાબરા તાલુકાના લાલકા ગામથી ૩ કિ.મી. દુર પથ્થરોના વેરાન જંગલમાં આસ્થા કેન્દ્ર ગણાતા શ્રી ગંગેશ્વર મહાદેવ મંદિર તેમજ ગંગામૈયા અખંડ વીરડી ધાર્મિક જગ્યામાં ૧૭થી ૨૭ ફેબ્રુઆરી સુધી વિવિધ ધાર્મિક કાર્ય યોજાશે. કહેવાય છે કે, આ જગ્યામાં વર્ષો પહેલા દુષ્કાળના સમયે પાણીના અભાવે પશુ-પક્ષીના મૃત્યુ થવા લાગતા બ્રહ્મલીન સંત મોતીગીરીજી દ્વારા પોતાના ચીપિયા વડે માત્ર ત્રણ ફૂટ ઊંડાઈ ધરાવતી વીરડી ખોદીને તેમનો જીવ બચાવવા સાક્ષાત ગંગામૈયા પ્રગટ કર્યાની દંતકથા છે. આજે પણ ત્યાં વીરડીમાં જળ રાશી ખુટતી નથી. અહીં દર્શને દેશ દેશાવરમાંથી ભક્તો આવી રહ્યા છે. મહંત ગોવિંદગીરીજી ગુરૂ લક્ષ્મણગીરીજી દ્વારા ધાર્મિક જગ્યામાં શિવપુરાણ કથા શાસ્ત્રી આશિષપ્રસાદ જોશી જસદણ વાળાના વ્યાસાસને થશે. તા.૨૪ થી ૨૬ નૂતન મંદિરમાં પુનઃ પ્રાણપ્રતિષ્ઠા થશે. તા.૨૫ના રોજ બ્રહ્મલીન મહંત અલમસ્તગીરીજી ગુરૂ બ્રીજરાજગીરીજી મહારાજની ૨૫મી નિર્વાણદિન તિથિ ઉજવાશે. તા.૨૧ ની રાત્રે લલીતાબેન ઘોડાદ્રા તથા પ્રીતિબેન વાજા તથા તા.૨૫ ની રાત્રે વિજયદાન ગઢવી, શ્યામ ગઢવી મોટા ભાડિયા કચ્છ દ્વારા સંતવાણી રજૂ કરાશે. આ ધાર્મિક મહોત્સવમાં પધારવા ભાવિકોને જાહેર આમંત્રણ છે.

# બગસરા ભાજપ દ્વારા બોક્સ ક્રિકેટનો જંગઃ નેતાઓ અને કાર્યકરો મેદાનમાં ઉતર્યા

બગસરા, તા.૧૫



બગસરા શહેરમાં ક્રિકેટ મેદાનની અછત વચ્ચે બોક્સ ક્રિકેટનો ક્રેઝ દિવસે દિવસે વધી રહ્યો છે. આ ક્રેઝને ધ્યાનમાં રાખીને મચ્છુ આઈના મંદિર પાસે શહેર અને તાલુકા ભાજપ પરિવાર દ્વારા રાત્રિ બોક્સ ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા, નગરપાલિકા પ્રતિનિધિ પ્રમુખ એ.વી. રીબડીયા, શહેર પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ કોટડીયા, અનિલભાઈ વેકરીયા અને માજી ઉપપ્રમુખ રાજુભાઈ ગીડા સહિત પક્ષના અનેક કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

વિકાસ સાંગાણી 81283 53937 / 70488 83488
નક્ષત્ર મોટર્સ
Tunwal E-Vehicles
સોલાર રૂફટોપ સિસ્ટમ
વસાવો ઈલેક્ટ્રીક બીલ માંથી મુક્તિ મેળવો......
અદાણી, ગોલ્ડી પહલ પેનલો ઉપલબ્ધ
Rs.78000/- સબસિડી
ઈલેક્ટ્રીક બાઈક
ન્યુ ઈ-બાઈક સેલ્સ એન્ડ સર્વિસ, દરેક પ્રકારના ટુ-વ્હીલ, ફોરવ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ
ઈલેક્ટ્રીક બાઈક તુનવાલ ચો બાઈક
એસ.ટી.ડેપો પાછળ, ભોજલરામ વાડીની બાજુમાં અમરેલી

# દામનગરમાં રૂા. ૮ કરોડનાં ખર્ચે મુખ્ય રોડના નવીનીકરણથી લોકોમાં ખુશી

દામનગર, તા.૧૫


તસવીર : અતુલ શુક્લ

દામનગરમાં રૂા. આઠ કરોડના ખર્ચે મુખ્ય રોડના નવીનીકરણનું કામ થતાં લોકોમાં ખુશી વ્યાપી છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની રજૂઆતથી મંજૂર થયેલ નવાગામ (અમરેલી જિલ્લાની હદ શરૂ થાય છે) ત્યાંથી દહીંથરા, દામનગર, પાડરશીંગા, શાખપુર સુધી રીસરફેસ-ડામરની કામગીરી શરૂ છે. દામનગરમાં આ રોડના નવીનીકરણથી વાહન ચાલકો, રાહદારીઓ અને શહેરીજનોને ખૂબ જ રાહત થશે. વર્ષો જુના ખરાબ રસ્તાની સમસ્યાનો અંત આવશે.

# બાબરા શહીદ ચોકમાં પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

બાબરા, તા.૧૫



પુલવામા ખાતે ૨૦૧૯માં ૧૪ ફેબ્રુઆરીએ થયેલા આતંકી હુમલાના શહીદોને બાબરાના શહીદ ચોકમાં ભગતસિંહ યુવા સમિતિ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બે મિનિટ મૌન ધારણ કરીને આપવામાં આવેલી શ્રદ્ધાંજલિમાં મોટી સંખ્યામાં સમિતિના સભ્યો જોડાયા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

## ચિત્તલ-જસવંતગઢમાં વિકાસની ગતિ : ધારાસભ્ય કૌશિક વેકરીયાના હસ્તે કરોડોના કામો શરૂ

# ચિત્તલ અને જસવંતગઢ ગામોમાં રૂ.૧૦.૬૦ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

**સ્થાનિક રહીશોના વર્ષો જુના પ્રશ્નો હલ**

અમરેલી, તા.૧૫

ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ ચિત્તલ અને જસવંતગઢ ગામોમાં વર્ષો જૂના પ્રશ્નોનું નિરાકરણ લાવતા રૂપિયા ૧૦ કરોડ ૬૦ લાખના વિકાસ કાર્યોનો શુભારંભ કરાવ્યો છે. આ વિકાસ કાર્યોમાં મુખ્યત્વે બે મેજર બ્રિજ, અનેક આર.સી.સી. રોડ, ભૂગર્ભ ગટર, સ્મશાન છાપરી અને પાણીની ટાંકી સહિતની સુવિધાઓનો સમાવેશ થાય છે. ચિત્તલ-જસવંતગઢને જોડતા બ્રિજની વર્ષો જૂની માંગણીને પૂર્ણ કરતા રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે બે બ્રિજ બનશે. જે લાતી બજાર ગૌશાળા બ્રિજ અને વોરાવાડ સ્મશાનથી જશવંતગઢ લાતીબજાર વાળો બ્રિજ તૈયાર થશે. ચિત્તલમાં રૂ. ૫.૭૨ કરોડના ખર્ચે મુખ્ય રસ્તાઓ આર.સી.સી.ના બનાવવામાં આવશે, જેમાં લાતી બજારથી સ્મશાન, આરોગ્ય કેન્દ્ર, પંચાયત અને ગુરુકુળ સુધીના રસ્તાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ચિત્તલમાં પેવર બ્લોક, ભૂગર્ભ ગટર અને અન્ય સુવિધાઓ માટે રૂ. ૨.૨૨ કરોડના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું



હતું. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે ચિત્તલને શહેરી સુવિધાઓ આપવા માટે તેઓ પ્રતિબદ્ધ છે અને અમરેલી જિલ્લાને વિકસિત બનાવવાનો સંકલ્પ છે. આ કાર્યક્રમમાં સુરેશભાઈ પાથર, સ્વામિનારાયણ ગુરુકુળનાં પૂ. મદનમોહન સ્વામી, લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી, ઝવેરભાઈ દેસાઈ, સુખદેવસિંહ સરવૈયા, દિનેશભાઈ પાટીદાર, શંકરભાઈ પાટીદાર, ભનુભાઈ રાતડીયા, ચંદુભાઈ બુધેલીયા, ભનુભાઈ રાદડીયા, વિનુભાઈ હિરપરા, કિશોરભાઈ કાનપરીયા, મુકેશભાઈ બગડા, જે.બી.દેસાઈ, પ્રવિણભાઈ ચાવડા, વનરાજભાઈ કોઠીવાળ, કેશુભાઈ નાકરાણી, નિકુલ માંડણકા, દેવેન્દ્રભાઈ ધાધલ, રણજીભાઈ વાળા, ચેતનભાઈ ધાનાણી, નીતાબેન, રઘુવીરસિંહ સરવૈયા, જયસુખભાઈ દેસાઈ, જયેશભાઈ નાકરાણી, જેન્તીભાઈ દેસાઈ, નરેન્દ્રભાઈ પંડયા, મનસુખભાઈ નાદોડા, રંજનબેન ડાભી, રંજનબેન બાબરીયા, રાજુભાઈ ધાનાણી, ધર્મેન્દ્રસિંહ સરવૈયા, દશરથસિંહ સરવૈયા, મનુભાઈ અસલાલીયા, ભાર્ગવભાઈ માંગરોળીયા, વિજયભાઈ દેસાઈ, પરેશભાઈ મહેતા, અનિલભાઈ માંગરોળીયા વગેરે પંચાયત અને તાલુકાના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા અને ધારાસભ્યના પ્રયાસોને બિરદાવ્યા હતા.

# જાફરાબાદમાં દારૂની ૨૪૫ બોટલ સાથે યુવક ઝડપાયો

જાફરાબાદ, તા.૧૫



જાફરાબાદ પોલીસે મળેલી બાતમીના આધારે એક યુવકના રહેણાંક મકાને રેઈડ પાડીને દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. જયેશભાઈ મનુભાઈ બારૈયા નામના વ્યક્તિના રહેણાંક મકાને જાફરાબાદ ટાઉન પોલીસે બાતમીના આધારે રેડ પાડીને ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૪૫ બોટલ સહિત ૨૨,૭૧૫ રૂપિયાનો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# લાઠી-બાબરાના ૧૨ ગામોમાં નવા ગ્રામ પંચાયત ઘર મંજૂર, સરકારે ૨.૯૪ કરોડ રૂપિયા ફાળવ્યા

લાઠી, તા.૧૫

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ તેમના મતવિસ્તારમાં વધુ એક લોકકલ્યાણ કાર્ય કરીને પ્રશંસા મેળવી છે. તેમણે લાઠી અને બાબરા તાલુકાના કુલ ૧૨ ગામોમાં નવા ગ્રામ પંચાયત ઘર બનાવવા માટે રૂપિયા ૨ કરોડ ૯૪ લાખ મંજૂર કરાવ્યા છે. આ નવા ગ્રામ પંચાયત ઘર બાબરા તાલુકાના ૧૦ અને લાઠી તાલુકાના ૨ ગામોમાં



બનાવવામાં આવશે. દરેક ગ્રામ પંચાયત ઘર આધુનિક સુવિધાઓથી સજ્જ હશે અને ગ્રામજનો માટે અનેક રીતે ઉપયોગી સાબિત થશે. બાબરાના ફુલઝર, વાંડળિયા, ખાનપર, ભીલડી, લોનકોટડા, ખીજડીયા, કોટડા, ગળકોટડી, ખાખરીયા અને લુણકી ગામોને આ યોજનાનો લાભ મળશે. બાબરાના દરેક ગ્રામ પંચાયત ઘર માટે ૨૫ લાખ રૂપિયા ફાળવવામાં આવશે. જ્યારે લાઠી તાલુકાના ધ્રુફણીયા અને હાવતડ ગામો માટે દરેક ગ્રામ પંચાયત ઘર દીઠ ૨૨ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. જનકભાઈ તળાવીયા જ્યારથી ધારાસભ્ય બન્યા છે ત્યારથી અનેક વિકાસ કાર્યો માટે સરકારમાંથી ગ્રાન્ટ મંજૂર કરાવી છે. જેના પરિણામે લાઠી, બાબરા અને દામનગર વિસ્તારમાં વિકાસની ગતિ વધી છે અને લોકોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. નવા ગ્રામ પંચાયત ઘર મંજૂર થવાથી સરપંચો અને ગ્રામજનોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

# સાવરકુંડલામાં ચૂંટણીને અનુલક્ષીને પોલીસ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ફ્લેગ માર્ચ

સાવરકુંડલા, તા.૧૫



સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નંબર ત્રણના એક સભ્યની ચૂંટણી સંદર્ભે રવિવારે મતદાન હોવાથી શહેરમાં ચૂંટણીને અનુલક્ષીને પોલીસ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ફ્લેગ માર્ચ યોજાઈ હતી. સાવરકુંડલાના વોર્ડ નંબર ત્રણની મુખ્ય બજારો અને માર્ગો પર સાવરકુંડલા ટાઉન, રૂરલ અને વંડા પોલીસ તેમજ બંદોબસ્તમાં આવેલ એસ.આર.પી., હોમગાર્ડ, અને જી.આર.ડી. જવાનો દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

# અમરેલી મોઢ વણિક સમાજ દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન

અમરેલી,તા.૧૫

અમરેલી મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી અને પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહના સંયુક્ત ઉપક્રમે સુદર્શન નેત્રાલયના સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરાયું હતું. જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ મોઢ વણિક જ્ઞાતિની વાડી ખાતે યોજાયેલા આ કેમ્પમાં ૭૫ દર્દીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિનેશભાઈ પરીખ, રાજુભાઈ પરીખ, હિરેનભાઈ પરીખ,



કેતનભાઈ પરીખ, સંજયભાઈ પરીખ, દિપકભાઈ ગાંગડીયા તેમજ ડૉ. દર્શિતભાઈ ગોસ્વામી અને કિર્તીભાઈ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પમાં તપાસ બાદ ૩૮ દર્દીઓને મોતિયાના અને ૨ દર્દીઓને વેલના ઓપરેશન માટે સુદર્શન નેત્રાલય ખાતે મોકલવામાં આવશે. આ કેમ્પ આગામી એક વર્ષ સુધી દર મહિનાના બીજા ગુરુવારે યોજાશે, જે તા. ૧૪-૦૮-૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

## અવસાન નોંધ

**રાજકોટ**

રમાબેન જમનાદાસ ચંદારાણાનું તા.૧૪-૨-૨૦૨૫ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ.જમનાદાસ ગીગાભાઇ ચંદારાણાના ધર્મપત્ની તથા મગનભાઇ ગીગાભાઇ ચંદારાણાના ભાભી તથા અશ્વિનભાઇના માતુશ્રી, જોશનાબેનના સાસુ તથા ભાવનાબેન દીપકભાઈ મજીઠીયાના માતુશ્રી, સેજલના દાદી તથા સ્વ.આણંદજી પરસોતમ કક્કડના દીકરી થાય છે. સદગતનું ઉઠમણું તા.૧૫-૨-૨૦૨૫ના રોજ સાંજે ૪થી ૫ કલાકે- નર્મેન્દ્રશ્વર મહાદેવ, કડિયા સોસાયટી શેરી નં.૩ રાજકોટ ખાતે રાખેલ છે.










## મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ.નં.૨૧ / ૨૦૨૫ તા. /૦૧/૨૦૨૫

શ્રી રાજુભાઈ પોપટભાઈ બગથરીયા,
રહે. સુરત, ઠે. બાપા સીતારામ હાઉસીંગ સોસાયટી, બી-૩/૧૩, મુરગા કેન્દ્ર
એલ.એચ. રોડ, ચોરાસી, સુરત ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
ચીફ ઓફીસરશ્રી - નગરપાલિકા - વિસાવદર, તા.વિસાવદર ........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી રાજુભાઈ પોપટભાઈ બગથરીયા, રહે. સુરતએ તેમની પુત્રી શ્રી ફાલ્ગુની રાજુભાઈ બગથરીયા નો જન્મ તા.૦૪/૦૯/૨૦૦૦ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી- નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી - નગરપાલિકા-વિસાવદર, તા. વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરેચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો

આજ તારીખ મી જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું

**તૈયાર કરનાર**
**સહી.**
**(પી.વી. શિંગડીયા)**
**નાયબ મામલતદાર**
**વિસાવદર**

**હુકમથી**
**સહી.**
**(એન.બી. લાંધણોજા)**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**વિસાવદર**






# શ્રીમતી એસ.એચ.ગજેરા કેમ્પસના DLSS એથ્લેટિક્સ ખેલાડીઓની રાજ્ય કક્ષાએ સિદ્ધિ

અમરેલી, તા.૧૫

અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના સ્પોર્ટ્સ સ્કૂલના વિદ્યાર્થીઓએ તારીખ ૮ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની એથ્લેટિક્સ સિઝન ૩.૦ માં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ એથ્લેટિકસની જુદી-જુદી



ઈવેન્ટમાં ભાગ લઈ સિદ્ધિઓ મેળવી હતી. જેમાં મેણીયા ધ્રુવી અશોકભાઈ- ગોલ્ડ મેડલ, બાંભણિયા રાજવીર- સિલ્વર મેડલ, ડોબરીયા પ્રાંજલ- સિલ્વર મેડલ, રામોલિયા રિયા –સિલ્વર મેડલ, ચાવડા આયુષ -બ્રોન્ઝ મેડલ, સાકળીયા મિત-બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તેમજ સોલંકી સૃષ્ટિ -ચોથો તથા તાવિયા દ્રષ્ટિ અને દુમાંદીયા મિતે સાતમો નંબર પ્રાપ્ત કર્યો હતો. પ્રથમ નંબર પ્રાપ્ત કરનારને રૂ. ૬૧૦૦, દ્વિતીય નંબર મેળવનારને રૂ. ૫૧૦૦ અને તૃતીય નંબર પ્રાપ્ત કરનારને રૂ. ૪૧૦૦નો રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

# અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામે પ્રેમસંબંધ મુદ્દે બઘડાટી બોલી

**સામસામી ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા.૧૫

અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામે પ્રેમસંબંધ મુદ્દે બઘટાડી બોલી હતી. બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. અનીલભાઈ અરવિંદભાઈ જીંજરીયા (ઉ.વ.૨૨)એ રાહુલભાઈ ભીખાભાઈ વડેચા, ભાવેશભાઈ ભુપતભાઈ વડેચા, બાવચંદભાઈ ગોબરભાઈ વડેચા તથા અજયભાઈ પ્રવિણભાઈ વડેચા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, રાહુલભાઈ વડેચાએ તેમની ભાણેજ તેજલબેનને ફોન આપ્યો હતો. તે બાબતે અગાઉ ઠપકો આપ્યો હતો. જેનું મનદુઃખ રાખી રાત્રીના આશરે નવેક વાગ્યે તેઓ પોતાના ઘર પાસે હાજર હોય તે વખતે હાથમાં લાકડી લઈ ઢીકાપાટુનો મુઢમાર મારી ગાળો આપી હતી. તેમજ જતા જતા હવે પછી અમારા ઘરે કંઈ પણ ઠપકો દેવા આવશો તો સારાવાટ નહી રહે તેવી ધમકી આપી હતી. જે બાદ રાહુલભાઈ ભીખાભાઈ વડેચા (ઉ.વ.૨૫) એ અનીલભાઈ અરવિંદભાઈ જીંજરીયા તથા સાગરભાઈ બારૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે તેમને સાગરભાઈ બારૈયાની ભાણેજ સાથે પ્રેમસંબંધ હતો. તેનુ મનદુઃખ રાખી બન્ને આરોપીઓએ લોખંડની પાઈપ લઈને તેમના ઘર પાસે આવી માર મારીને મુંઢ ઈજા પહોચાડી હતી. તેમજ અશ્લીલ ગાળો આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી એએસઆઈ એ.પી.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના રાંઢીયા ગામે સાસુએ વહુને ગાળો આપી

અમરેલી,તા.૧૫

અમરેલીના રાંઢીયા ગામે સાસુએ વહુને ગાળો આપી હતી. તેમજ જેઠ-જેઠાણીએ મુંઢ ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે કૈલાસબેન ભરતભાઈ સોલંકી (ઉ.વ.૩૦)એ સાસુ કંચનબેન કરશનભાઈ સોલંકી, શોભાબેન મુકેશભાઈ સોલંકી, જયસુખભાઈ કરશનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ રાંઢીયા ગામે પોતાના ઘરે હાજર હોય તે સમયે સાસુએ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. લોખંડના પાઈપ વડે માર માર્યો હતો. તેમના જેઠાણી તથા જેઠે પણ મુંઢ ઈજાઓ કરી હતી. ઉપરાંત અવારનવાર માનસિક તથા શારીરિક ત્રાસ આપ્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલામાં પન્ના નાયક ફ્રી પેડ પ્રોજેક્ટ અંતર્ગત ૩૦૦૦ દીકરીઓને ૬૦,૦૦૦ પેડનું ફ્રી વિતરણ કરાયું

સાવરકુંડલા તા. ૧૫

શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી પન્ના નાયક ફ્રી પેડ પ્રોજેક્ટ, શ્રી પન્નાબેન નાયક તથા શ્રી નટવરભાઈ ગાંધીના સહયોગથી, સાવરકુંડલા અને આસપાસના વિસ્તારની દીકરીઓના આરોગ્ય અને સશક્તિકરણ માટે મહત્ત્વપૂર્ણ કાર્ય કરી રહ્યું છે. આ પ્રોજેક્ટ



હેઠળ સાવરકુંડલા તેમજ આજુબાજુના વિસ્તારની ૧૦ થી ૧૨ શાળાઓ તથા કોલેજોમાં અભ્યાસ કરતી દીકરીઓને નિઃશૂલ્ક પેડ વિતરણ કરવામાં આવે છે. માસિક સ્વચ્છતા જાગૃતિ શિબિરમાં આશરે ૨૮૦૦ થી ૩૦૦૦ દીકરીઓએ ભાગ લીધો હતો અને લગભગ ૬૦,૦૦૦ પેડનું નિઃશૂલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ શિબિરોનો મુખ્ય હેતુ દીકરીઓમાં માસિક ચક્ર દરમિયાન સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવી, તેમના આરોગ્યનું રક્ષણ કરવું અને તેમને આત્મવિશ્વાસ તથા સશક્તિકરણ તરફ પ્રેરિત કરવાનું છે.

# સૌરાષ્ટ્ર કલા મહાકુંભમાં પીએમશ્રી શાળાના વિદ્યાર્થીએ મેળવ્યું પ્રથમ સ્થાન

અમરેલી,તા.૧૫



સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાએ યોજાયેલ કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪-૨૫માં પીએમશ્રી "મદદ" શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળાએ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. શાળાના વિદ્યાર્થી વામજા જયરાજ સંગીતાબેને લોકવાર્તા સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું છે. તા. ૮ થી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન જામનગર ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વામજા જયરાજની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# સાવરકુંડલાના રત્ન કલાકાર સહિત જિલ્લામાંથી બે વ્યક્તિના મોબાઈલ ચોરાયા

**પોલીસ દ્વારા ફોનની કિંમત રૂ. ૨૯૦૧૯ જાહેર કરાઈ**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોના મોબાઈલ ચોરાયા હતા. મૂળ જૂનાગઢના લાલપુર ગામના અને હાલ સાવરકુંડલામાં રહેતા શૈલેષભાઈ કાન્તીલાલ મહેતા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેઓ નોકરીએથી પોતાના ઘરે જતા હતા ત્યારે રસ્તામાં લુવારા રેલવે ફાટકથી રામગઢ વચ્ચે તેમનો રૂપિયા ૨૬૦૧૯ની કિંમતનો મોબાઈલ ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એ. બગડા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલામાં રહેતા અને હીરા ઘસવાનું કામ કરતાં મુનાભાઈ ઓઘડભાઈ મેવાડા (ઉ.વ.૨૯)એ જાહેર કર્યા મુજબ, તેઓ રેલવે સ્ટેશનમાં પોતાના પાડોશીની દુકાને બેસીને રેલવે સ્ટેશન સામે આવેલા હનુમાન મંદિરે દર્શન કરવા ગયા ત્યારે તેમનો મોબાઈલ ચોરાયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરાના ઘંટીયાણ ગામે સ્ટોન ક્રશરના વાયરની ચોરી

**બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયાએ વધુ તપાસ હાથ ધરી**

બગસરા, તા.૧૫

બગસરાના ઘંટીયાણ ગામે સ્ટોન ક્રશરના વાયરની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે પ્રવિણભાઈ મનસુખભાઈ સાવલિયા (ઉ.વ.૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યા ઈસમોએ તેમના આદેશ સ્ટોન ક્રશર (ભરડીયા)ના ગ્રાઉન્ડમાં પડેલ વેલ્ડીંગ પેટીમાં રહેલ આશરે સવા સો ફૂટ કેબલ વાયર, તેમના ઘંટીયાણ ગામની ગ્રામ પંચાયતની પાણીની મોટરનો કેબલ વાયર આશરે ૮૦ ફૂટ મળી કુલ રૂા.૨૩,૦૦૦ નો કેબલ વાયર કોઈ અજાણ્યા ઈસમો ચોરી ગયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા શહેરમાં વિશ્વકર્મા જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

**ગુર્જર સુતાર જ્ઞાતિ સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાયું**

સાવરકુંડલા, તા.૧૫

ગુર્જર સુતાર જ્ઞાતિ સમાજ સાવરકુંડલા દ્વારા અમરેલી રોડ પર આવેલી સમાજની વાડીમાં વિશ્વકર્મા જયંતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભગવાન વિશ્વકર્માજીનું પૂજન-અર્ચન અને ધ્વજારોહણ સહિતની



ધાર્મિક વિધિઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સમૂહ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ★

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૧૧ | ૧૪૮૮ |
| ઘઉં લોકવન | ૬૦૪ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૭૦૦ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૯૪૧ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૦૬ |
| ચણા પીળા | ૯૭૦ | ૧૧૫૫ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૭૫ |
| અડદ | ૧૨૭૦ | ૧૫૭૫ |
| મગ | ૧૨૨૫ | ૧૬૮૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| મઠ | ૮૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૧૬૯૯ | ૨૩૯૦ |
| કળથી | ૭૭૫ | ૭૭૫ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૩૫ |
| મગફળી જીણી | ૯૪૦ | ૧૨૨૦ |
| તલી | ૧૮૬૦ | ૨૦૨૮ |
| એરંડા | ૧૧૮૦ | ૧૨૩૪ |
| અજમો | ૧૩૦૦ | ૨૧૫૦ |
| સુવા | ૮૦૦ | ૮૦૦ |
| સોયાબીન | ૬૯૫ | ૭૮૩ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૩૧૫ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૭૦૦ |
| લસણ | ૯૦૦ | ૧૬૪૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૯૨૦ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૧૪૦ |
| ધાણી | ૧૩૫૦ | ૨૬૧૨ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૬૫ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૦૨૫ |
| રાય | ૧૦૩૫ | ૧૨૩૮ |
| મેથી | ૮૬૫ | ૧૦૦૦ |
| અશેરીયો | ૧૯૭૫ | ૧૯૭૫ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| રાયડો | ૯૭૦ | ૧૧૨૦ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૩૪૦૦ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| લીંબુ | ૩૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૮૧ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૫૬૦ |
| ટમેટા | ૪૦ | ૧૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| સકરીયા | ૩૩૦ | ૫૨૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૩૦ | ૪૨૦ |
| કોબીજ | ૩૦ | ૫૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૨૦ |
| ટીંડોરા | ૪૫૦ | ૮૮૦ |
| દુધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| પરવર | ૧૫૦૦ | ૨૦૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| વટાણા | ૩૦૦ | ૫૦૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૦૦ | ૨૫૦ |
| મેથી | ૧૫૦ | ૩૦૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૨૨૦ | ૩૨૦ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૯૩ |
| ગિરનારી શીંગ | ૧૧૬૦ | ૧૧૭૨ |
| શિંગ મોટી | ૯૩૦ | ૧૧૦૦ |
| શિંગ ફાડા | ૯૯૫ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૭૫ |
| તલ કાળા | ૪૬૦૦ | ૪૬૦૦ |
| તલ કશમીરી | ૨૪૮૫ | ૨૫૬૧ |
| બાજરો | ૫૫૦ | ૫૫૦ |
| જુવાર | ૬૧૬ | ૯૨૧ |
| ઘઉં ટુકડા | ૫૨૭ | ૭૨૨ |
| ઘઉં લોકવન | ૫૬૧ | ૫૬૨ |
| અડદ | ૮૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૯૧૦ | ૧૧૩૮ |
| તુવેર | ૧૦૮૦ | ૧૫૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૦૭૬ |
| કપાસ | ૮૯૦ | ૧૪૮૦ |
| એરંડા | ૧૧૮૧ | ૧૨૧૫ |
| જીરૂ | ૧૨૦૦ | ૩૮૯૫ |
| ધાણા | ૯૧૦ | ૧૩૨૦ |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૫ |
| મરચા લાંબા | ૩૦૦ | ૩૦૫૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૮૦ | ૩૦૦ |
| રીંગણા | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૦૦ |
| શક્કરીયા | ૪૫૦ | ૫૦૦ |
| ટામેટા | ૬૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૬૦ | ૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૫૦ |
| વટાણા | ૪૦૦ | ૪૫૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| આમળા | ૮૦૦ | ૧૨૦૦ |
| ચણાં લીલા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૨૫૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૯૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૨૪૦ | ૫૬૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૫૦ | ૫૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૨૦૦ | ૮૦૦ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૦૫૧ | ૧૪૫૬ |
| ઘઉં લોકવન | ૫૯૦ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૬૦૬ | ૬૮૦ |
| મગફળી જીણી | ૭૫૧ | ૧૧૦૬ |
| સિંગ ફાડીયા | ૯૪૧ | ૧૩૩૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૨૬૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૪૦૯૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૯૧ |
| લસણ સુકું | ૪૯૧ | ૧૬૪૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૬૩૧ |
| અડદ | ૧૧૩૧ | ૧૬૯૧ |
| મઠ | ૭૯૧ | ૭૯૧ |
| તુવેર | ૧૦૨૧ | ૧૫૫૧ |
| રાયડો | ૮૩૧ | ૧૦૩૧ |
| મેથી | ૭૦૧ | ૧૦૨૧ |
| કાંગ | ૨૯૧ | ૮૭૧ |
| મરચા | ૪૫૧ | ૩૪૫૧ |
| ગુવાર બી | ૮૨૧ | ૮૨૧ |
| મગફળી જાડી | ૬૩૧ | ૧૦૯૬ |
| નવા ધાણા | ૯૦૧ | ૨૧૫૧ |
| નવી ધાણી | ૧૧૨૬ | ૪૦૫૧ |
| નવું જીરૂ | ૩૦૫૧ | ૪૩૯૧ |
| નવું લસણ | ૮૩૧ | ૧૬૪૧ |
| સફેદ ચણા | ૯૫૦ | ૧૬૫૧ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૧૫૧ |
| ધાણી | ૧૦૨૧ | ૧૪૪૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૩૦૧ |
| મગ | ૧૫૬૧ | ૧૮૨૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૧૪૧ |
| વાલ | ૭૯૧ | ૧૧૨૧ |
| ચોળા / ચોળી | ૬૫૧ | ૨૧૧૧ |
| સોયાબીન | ૬૭૧ | ૭૭૬ |
| કળથી | ૫૦૧ | ૫૦૧ |
| ગોગળી | ૬૩૧ | ૯૫૧ |
| વટાણા | ૨૫૬૧ | ૨૫૬૧ |

### ગોંડલ(શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦ | ૧૨૦ |
| મરચા | ૨૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૨૦ | ૧૪૦૦ |
| કોબી | ૨૦ | ૪૦૦ |
| દુધી | ૫૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૬૦ | ૧૨૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૪૦ | ૫૦૦ |
| ભીંડો | ૩૨૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૫૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| તુવેર | ૧૬૦ | ૭૦૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| વટાણા | ૩૦૦ | ૫૬૦ |
| શક્કરીયા | ૩૨૦ | ૫૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૪૦ |
| ડુંગળી પુરા | ૮ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૫ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| મૂળા પુરા | ૪ | ૫ |
| ફોદીનો પુરા | ૩ | ૫ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચૂણ | ૯૦૦ | ૧૦૦૦ |
| કઠ્ઠહજર | ૪૦૦ | ૬૦૦ |
| ઘીસોડા | ૩૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૫ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૧૦૦ | ૭૦૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૨ | ૨૦ |
| પાલક પુરા | ૧ | ૩ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૪૦ |
| કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૪૦૦ |
| મગફળી ૨૦ | ૧૦૨૮ | ૧૦૬૨ |
| ઘઉં | ૫૧૨ | ૬૭૨ |
| જીરૂ | ૩૭૮૫ | ૩૯૨૫ |
| તુવેર | ૧૨૧૫ | ૧૩૫૫ |
| ચણા | ૧૧૧૯ | ૧૧૪૧ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૯૭ | ૫૯૭ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૨૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૬ |
| સોયાબીન | ૫૦૫ | ૭૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૬૦ |
| શીંગદાણા | ૧૧૩૦ | ૧૬૯૪ |
| મગફળી | ૫૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૪૫ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૧૦૦ |

### ધારી

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૪૧૧ |
| મગફળી | ૭૭૧ | ૯૮૬ |
| ઘઉં | ૫૦૭ | ૬૨૮ |
| ચણા | ૧૧૨૬ | ૧૨૦૦ |
| સફેદ તુવેર | ૧૦૯૦ | ૧૪૦૦ |
| લાલ તુવેર | ૧૨૭૫ | ૧૩૦૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૦૦ | ૬૦૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| મગફળી | ૮૧૬ | ૯૪૦ |
| સોયાબીન | ૯૨૧ | ૯૨૫ |
| તુવેર | ૧૨૭૬ | ૧૩૨૭ |

### મહુવા

| | | |
|---|---|---|
| શીંગ ગીરનાર | ૯૭૦ | ૧૦૩૭ |
| શીંગ ૩૨ | ૯૭૦ | ૯૯૭ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૦૭૨ |
| શીંગ જી.૨૦ | ૯૫૯ | ૧૦૭૨ |
| જુવાર | ૬૩૩ | ૯૭૯ |
| બાજરી | ૫૨૨ | ૬૫૧ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૯૫ |
| મગ દેશી | ૧૫૧૫૧ | ૧૫૧૫ |
| સોયાબીન | ૭૮૨ | ૭૮૨ |
| ચણા | ૫૫૩ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૫૧ |
| તલ કાળા | ૩૪૦૧ | ૪૩૦૦ |
| તુવેર | ૧૨૭૨ | ૧૪૩૮ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૬૪૭ |
| ડુંગળી સફેદ | ૨૩૧ | ૪૬૧ |
| કપાસ શંકર | ૧૨૮૧ | ૧૪૩૪ |
| નાળીયેર | ૭૨૨ | ૨૯૦૦ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૬૮૦ | ૧૦૩૦ |
| તલ પીળા | ૨૪૬૦ | ૨૫૫૩ |
| કપાસ | ૧૧૧૧ | ૧૪૫૧ |
| બાજરો | ૫૦૯ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૬૧ |
| જુવાર | ૮૦૦ | ૯૭૦ |
| ચણા | ૧૧૦૬ | ૧૧૧૩ |
| સોયાબીન | ૭૧૫ | ૭૧૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૪૧ |
| મકાઈ | ૪૫૩ | ૫૪૫ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૨૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૪૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| તલ કાળા | ૩૪૦૦ | --- |
| જીરૂ | ૩૫૧૦ | ૩૮૫૦ |
| કપાસ | ૧૩૧૦ | ૧૪૬૨ |
| ઘઉ લોકવન | ૫૦૦ | ૬૨૦ |
| ઘઉ ટુકડા | ૫૫૦ | ૬૦૦ |
| જુવાર | ૭૫૦ | ૯૦૦ |
| ચણા | ૧૦૭૫ | ૧૧૫૦ |
| તુવેર | ૧૩૭૫ | ૧૫૦૪ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૬૨૫ |
| તુવેર લાલ | ૧૩૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| દેશી ચણા | ૧૩૦૦ | ૧૫૦૪ |

### મોટા લીલીયા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૪૫ | ૧૪૭૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી૨૦ | ૯૪૦ | ૧૦૮૯ |
| મગફળી ૩૨નં | ૯૦૦ | ૧૦૨૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૩૫ | ૬૨૮ |
| ઘઉં | ૫૦૦ | ૬૬૪ |
| તુવેર | ૧૧૩૦ | ૧૪૮૧ |
| જુવાર | ૬૨૫ | ૧૦૩૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૯ |
| કપાસ | ૧૧૨૦ | ૧૪૪૫ |
| ધાણા | ૯૦૦ | ૧૩૬૦ |
| એરંડી | ૧૦૪૦ | ૧૨૨૬ |
| રાઈ | ૧૦૦૦ | ૧૧૬૦ |

### જામનગર

| | | |
|---|---|---|
| બાજરો | ૫૦૦ | ૫૨૦ |
| ઘઉં | ૫૫૦ | ૬૭૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૩૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૭૭ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૧૪૦ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૩૦ |
| એરંડા | ૯૫૦ | ૧૨૦૪ |
| રાયડો | ૯૦૦ | ૧૦૬૦ |
| રાઈ | ૧૧૦૦ | ૧૨૨૫ |
| લસણ | ૭૦૦ | ૧૩૧૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૭૫૦ | ૪૦૧૫ |
| અજમો | ૧૯૦૦ | ૪૫૯૦ |
| ધાણા | ૭૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૭૫૦ |
| મરચા સુકા | ૬૦૦ | ૨૫૨૫ |
| સોયાબીન | ૬૫૦ | ૭૬૫ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૬ |
| મગફળી | ૬૦૦ | ૮૨૧ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૧૪૬ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૫૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૧ |

સંજોગ ન્યૂઝ

# રસધાર

05

રવિવાર
16 ફેબ્રુઆરી, 2025



06
લઘુ નવલકથા : ચિન્ટુ તું નિબંધની નોટ કેમ આજેય પણ નથી લાવ્યો ?



06
સમરંગ : એવું ઘર ન હજો કે જ્યાં આ વસંત ઋતુના પ્રવેશ પર પ્રતિબંધ હોય

# આપની હાર: સપના મેરા તૂટ ગયા

વિચાર વલોણું
જયવંત પંડ્યા





દિલ્હીમાં આ આપનો સફાયો થયો અને ભાજપનો ૨૭ વર્ષ પછી ભવ્ય વિજય થયો. 'દિલ્લી કે માલિક હમ હૈ', 'ઇસ જનમ મેં મોદીજી હમ કો હરા નહીં સકતે' જેવાં વિધાનો કરનાર અરવિંદ કેજરીવાલ પોતે હાર્યા, મનીષ સિસોદિયા પણ હાર્યા અને થોડા સમય માટે કામચલાઉ વ્યવસ્થા તરીકે મુખ્ય પ્રધાન બનાવાયેલાં આતિશી મારલેના જીત્યાં અને તેમણે પોતાની જીતની ઉજવણી પણ કરી.

લોકસભા ચૂંટણી દરમિયાન અને પરિણામો પછી સેક્યુલર પત્રકારો અને વિશ્લેષકોને બખ્ખા થઈ ગયા હતા. બે બહેનો તો અટ્ટહાસ્ય કરીને કહેતા હતા કે દિલ્લીવાલે હમ સે કહ રહે હૈ કિ મોદીજી કો ગુજરાત વાપસ લે જાઈએ. દિલ્લીમાંથી કોણ પાછું ઘરે ગયું એ ૮ ફેબ્રુઆરીનાં પરિણામો પછી સુસ્પષ્ટ છે. રાહુલ ગાંધીનો અહંકાર તો માતો નહોતો. તેમણે અને અખિલેશ યાદવે કહેલું કે અયોધ્યામાં અમે હિન્દુત્વનો રથ રોક્યો છે. વાસ્તવમાં ફૈઝાબાદ જિલ્લાનું નામ બદલીને અયોધ્યા કરાયું છે અને સમાજવાદી પક્ષના સાંસદ અવધેશ પ્રસાદને લોકસભામાં આગળ બેસાડાતા હતા અને પોતે જ્યાં જાય ત્યાં સાથે રાખતા હતા.

રાહુલ ગાંધી ગુજરાતમાં પણ આવીને ગયા અને પ્રદેશ કૉંગ્રેસના કાર્યાલયમાં તેમણે હુંકાર કર્યો કે હવે મોદીને ગુજરાતમાં અમે હરાવીશું. પરંતુ તેમની હવા ત્યારે જ નીકળી ગઈ જ્યારે તેમણે પ્રશ્ન ત્યાં ઉપસ્થિત કૉંગ્રેસના લોકોને પૂછી લીધો કે કેટલા લોકોને લાગે છે કે ગુજરાતમાં ભાજપને હરાવી શકાશે? તો પચાસ ટકાથી ઓછા લોકોએ હાથ ઊંચો કર્યો હતો.

જ્યારે ભાજપ જીતે છે ત્યારે સેક્યુલર વિશ્લેષકો જાણે પોતે હારી ગયા હોય તેમ જાતજાતનાં બહાનાં શોધે છે. અથવા ભાજપ જીતી ગયાનાં ક્ષુલ્લક બહાનાં આપે છે; જેમ કે, હરિયાણા અને મહારાષ્ટ્રમાં ભાજપ જીત્યો તો કહેશે કે એ તો રાજકીય ધ્રૂવીકરણ કરી નાખ્યું એટલે. મુસ્લિમ-હિન્દુ મતો વહેંચાઈ ગયા. પરંતુ દિલ્લી જીતશે તો કહેશે કે દિલ્લીમાં આ આપ અને કૉંગ્રેસ સાથે-સાથે નહોતા. તેથી મતો વહેંચાઈ ગયા.

તો ચાલો, એમ કહો કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તો આ આપ અને કૉંગ્રેસ સાથે-સાથે હતા તો એનડીએને બહુમતી મળી? એનો એમની પાસે ઉત્તર નહીં હોય અને હશે તો પણ લુલો બચાવ જ હશે. બીજું કે હરિયાણા અને મહારાષ્ટ્રમાં 'બટેંગે તો કટેંગે' સૂત્ર હતું પરંતુ દિલ્લીમાં આવું સૂત્ર ક્યાં હતું?

વાસ્તવમાં દિલ્લીમાં ભલે આ આપ અને કૉંગ્રેસનું ગઠબંધન નહોતું પરંતુ AÈ ગઠબંધન તો હતું જ. શરૂઆતમાં રાહુલ ગાંધી અને અરવિંદ કેજરીવાલે ડબ્લ્યુડબ્લ્યુએફની જેમ આક્ષેપબાજી કરી લીધી પરંતુ પછી રાહુલ ગાંધી બીમાર પડી ચૂંટણી સભા કરવા જ ન ગયા. કૉંગ્રેસે આ આપ માટે ખુલ્લું મેદાન છોડી દીધું, પરંતુ હા, આ આપ હાર્યો એટલે પાછા જશ લેવા કૉંગ્રેસ મેદાનમાં આવી ગઈ અને કહ્યું કે હરિયાણા, ગોવા અને મહારાષ્ટ્ર વગેરેની હારનો બદલો લીધો. દિલ્લીના પૂર્વ અને દિવંગત મુખ્ય પ્રધાન શીલા દીક્ષિતના પુત્ર સંદીપ દીક્ષિતના લીધે પણ અરવિંદ કેજરીવાલ હાર્યા તેમ કહી મીડિયાએ કહ્યું કે માતાની હારનો બદલો સંદીપે લઈ લીધો.

ઘણાને તો આ આપ હાર્યો ત્યારે સ્વપ્રભંગ લાગ્યો. એક રાજનીતિનો અંત આવ્યો હોય તેવું લાગ્યું ! અરે મહાશય ! કેજરીવાલે જ્યારે કૉંગ્રેસ સામે જ ચૂંટણી લડી તેની જ સરકારને હરાવી, તેના મુખ્ય પ્રધાનને હરાવ્યા, પોતાનાં બાળકોના સોગંદ ખાધા કે આઆપ ભાજપ કે કૉંગ્રેસનો ટેકો નહીં લે અને પછી કૉંગ્રેસના ટેકાથી જ સરકાર બનાવી ત્યારે તમારો સ્વપ્રભંગ નહોતો થયો? તે વેગન આરના બદલે મોંઘી કારમાં ફરવા લાગ્યા ત્યારે તમારો સ્વપ્રભંગ નહોતો થયો? તેમના સાથી પ્રધાનો ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં જવા લાગ્યા અને ન્યાયાલયમાંથી જામીન નહોતા મળતા ત્યારે તમારો સ્વપ્રભંગ નહોતો થયો? કેજરીવાલે પોતાને રહેવા માટે ભવ્ય શીશમહલ બનાવ્યો ત્યારે તમારો સ્વપ્રભંગ નહોતો થયો? કેજરીવાલે કોરોનાકાળમાં દારૂની દુકાનો ખોલવા દઈ કોરોના વકરવા દીધો કે દિલ્લીથી જતા શ્રમિકો માટે કોઈ વ્યવસ્થા ન કરી ત્યારે તમારો સ્વપ્રભંગ નહોતો થયો?

તેમના આરોગ્યતંત્રના 'ન્યૂ યૉર્ક ટાઇમ્સ' પ્રમાણિત આરોગ્ય મૉડલના કોરોનાકાળમાં ધજાગરા ઉડ્યા અને સૌથી વધુ કેસો અને મરનારની સંખ્યા ધરાવતાં રાજ્યોમાં દિલ્લી આવવા લાગ્યું ત્યારે તમારો સ્વપ્રભંગ નહોતો થયો?

વાસ્તવમાં આ આપ સૌથી ખરાબ શાસક પક્ષ તરીકે પૂરવાર થયો છે. માત્ર ને માત્ર પ્રચાર. વિચાર કરો કે તેણે માત્ર દસ જ વર્ષમાં એવી જડબેસલાક ઈકૉ સિસ્ટમ બનાવી લીધી કે એક-બે મીડિયા ગૃહોને બાદ કરતાં બાકીનામાં શીશમહલ, દારૂ કૌભાંડ, પંજાબમાં પેટ્રૉલ-ડીઝલ પર વેટ વધારો, પંજાબમાં ખાલિસ્તાની સમર્થકોનો પ્રભાવ, પંજાબમાં આરએસએસ નેતાઓની હત્યા વગેરે કોઈ સમાચાર જ નહોતા આવતા. આવતા તો તે ફટાફટ ન્યૂઝમાં ફટાફટ આવીને ચાલ્યા જતા. ઈવન, પોતાના જ પક્ષનાં મહિલા સાંસદ સ્વાતિ માલીવાલને પોતાના અંગત સહાયક કમ બાઉન્સર બિભવ કુમારના હાથે માર ખવડાવ્યો કારણકે તેઓ કૉંગ્રેસ નેતા અને પોતાનો કેસ લડનાર અભિષેક મનુ સિંઘવી માટે રાજ્યસભાના સાંસદ તરીકે ત્યાગપત્ર નહોતા આપતા તે સમાચાર પણ 'બેધડક' દબાવી દેવાયાં.

આમાં તમે બદમાશી સમજજો. જ્યારે સેક્યુલર ઈકૉ સિસ્ટમ હશે ત્યારે સમાચારના મથાળામાં સામેવાળાનો દાવો એમ લખાશે. દા. ત. સ્વાતિ માલીવાલના સમાચાર લઈએ તો પોતાને માર માર્યાનો સ્વાતિ માલીવાલનો દાવો એમ હેડિંગ લખાશે. સાથે આ આપની ચોખવટ પણ ઉમેરી દેવાશે. પરંતુ જ્યારે ભાજપની કે તેના સાથી પક્ષોની વાત હશે ત્યારે હેડિંગમાં દાવો-ફાવો કંઈ નહીં હોય.

ખરેખર તો આ આપની હાર ૨૦૧૫માં જ થઈ જવી જોઈતી હતી કારણકે એણે એટલાં નાટકો અને અરાજકતા ફેલાવી હતી. અરવિંદ કેજરીવાલે ખાલિસ્તાન સમર્થક દેવેન્દરસિંહ ભુલ્લરને બૉમ્બ વિસ્ફોટના કેસમાં ફાંસીની સજા ક્ષમા કરવા રાષ્ટ્રપતિને પત્ર લખ્યો હતો. કૉંગ્રેસ પણ આઆપ પર ખાલિસ્તાની સમર્થકો અને ફૉર્ડ કંપની તરફથી ફંડ મેળવવાનો આક્ષેપ કરી રહી હતી. વળી, ૨૦૧૩થી ૨૦૧૫માં કેજરીવાલે અરાજકતા ફેલાવવા સિવાય કંઈ કર્યું નહોતું. તેમણે કૉંગ્રેસ હોય કે ભાજપ, બધા નેતાઓ વિરુદ્ધ આક્ષેપો કર્યા. સાથે તોછડાઈ પણ કરી. કેજરીવાલ પહેલા એવા નેતા છે જે તેમની વિરુદ્ધ જે પક્ષ હોય તેના નેતાને તુંકારો કરીને બોલાવે છે. તેમનું જોઈ પછી રાહુલ ગાંધી પણ એ રવાડે ચડ્યા. તેમને થયું કે કેજરીવાલ જેવા બનશું તો જનતા આપણને જીતાડશે.

કેજરીવાલે મુસ્લિમ તુષ્ટિકરણ અને હિન્દુ વિરોધ કરવામાં કંઈ બાકી ન રાખ્યું. ઈમામોના પગાર વધાર્યા. શ્રી રામજન્મભૂમિ કેસનો ચુકાદો હિન્દુઓની તરફેણમાં નહોતો આવ્યો ત્યાં સુધી શ્રી રામજન્મભૂમિ પર હૉસ્પિટલ બનાવવી જોઈએ તેવું તેમના પક્ષનું વલણ હતું. તેમણે દિલ્હીમાં કોઈ એવી વસ્તુ ન કરી જેથી દિલ્લી- દેશની રાજધાની આદર્શ તરીકે ઉભરે. દિલ્હીમાં વરસાદ પડે એટલે પાણીથી ખદબદી જાય. દિલ્હીમાં કચરો દેખાય. દારૂની નીતિ લાવીને તો તેમણે શાળાઓ પાસે અને મેટ્રો સ્ટેશનોમાં દારૂની દુકાનો ખોલાવડાવી. વિકાસની નવી કોઈ યોજના તેમણે કરી નહીં. હા, ૨૦૧૯ પછી તેઓ હનુમાનજીના ભક્ત બની ગયા. પરંતુ બીજી બાજુ, પક્ષમાં અમાનુલ્લાહ ખાન અને તાહિર હુસૈનોને રમખાણો ભડકાવવા કે કરવા માટે છૂટ આપી.

સીએએ વિરોધી આંદોલન હોય કે ખેડૂત આંદોલનમાં ખાલિસ્તાની સમર્થકોનું ભળવું, બધાં આંદોલનો દિલ્લીને બાનમાં લઈને થયાં અને તેમાં કેજરીવાલે ટેકો આપ્યો. સતત ઉપરાજ્યપાલ સાથે ઝઘડ્યા કર્યું. વિધાનસભાનું સત્ર જ્યારે મળે ત્યારે દિલ્લીની વાત છોડીને રાષ્ટ્રીય મુદ્દા પર ભાષણ આપવા લાગે અને તેમાં કોઈ શિષ્ટતા નહીં. તેમને ખબર છે કે વિધાનસભામાં તેઓ બોલે તો તેમની સામે કોઈ કાર્યવાહી ન થઈ શકે.

ઉર્દૂવૂડમાં કાશ્મીર મુદ્દે જેટલી ફિલ્મો બની તે આતંકવાદીઓની ઈકૉ સિસ્ટમને ગમે તેવી બની. પરંતુ પહેલી વાર 'ધ કાશ્મીર ફાઇલ્સ'માં આંતકવાદીઓની સચ્ચાઈ બતાવવામાં આવી. આખો દેશ આ ફિલ્મ જોઈ હિબકે ચડ્યો હતો. વિશેષ તો કાશ્મીરી પંડિતોનાં આંસુ રોકાતાં નહોતા. પરંતુ કેજરીવાલે વિધાનસભામાં અટ્ટહાસ્ય સાથે કહ્યું કે આ ફિલ્મ યુટ્યૂબ પર મૂકી દેવી જોઈએ જેથી લોકો જોઈ શકે. આટલી સરસ ફિલ્મની કમાણી ન થાય તો આવા વિષય પર ફરી કોઈ ફિલ્મ બનાવે ખરો?

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા આવે ત્યારે સ્લિપર અને સાદા કપડાં પહેરી તેમને મળવા કેજરીવાલ પહોંચી જતા પરંતુ તેમનો દંભ શીશમહલ અને મોંઘી કારથી બહાર આવી ગયો. કેજરીવાલ પહેલા મુખ્ય પ્રધાન બન્યા જેઓ ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં ગયા અને તોય તેમણે ધરાર ત્યાગપત્ર ન જ આપ્યો. આ વાત પણ 'બેધડક' દબાવી દેવાઈ. જ્યારે તેઓ લોકસભાની ચૂંટણીના પ્રચારમાં બહાર આવ્યા અને તેમણે અમિત શાહ અને યોગી આદિત્યનાથ વચ્ચે વડાપ્રધાનની સ્પર્ધા હોવાનું તીર ચલાવ્યું તેમાં સેક્યુલર પ્રજાતિ ખુશ થઈ ગઈ. પરંતુ કેજરીવાલના પ્રચારથી આઆપને કે ઈન્ડિ ગઠબંધનને કેટલો લાભ થયો તે વાત તેમણે ટાળી દીધી.

કોરોનાકાળમાં મુખ્ય પ્રધાનો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બેઠક કરતા હોય ત્યારે પણ એવી ભાવમુદ્રા બતાવવી જાણે કે તેઓ કોઈ તેમનાથી નીચેના કર્મચારી સામે બેઠા હોય. ખુરશીમાં એકદમ ઢળીને ટેકો દઈને બેઠા હતા. એટલું જ નહીં, જીવંત પ્રસારણ કે રેકૉર્ડિંગ ન થતું હોય તેવી બેઠકનું તેમણે જીવંત પ્રસારણ કરી દીધું હતું.

ભ્રષ્ટાચારના આંદોલનમાંથી જન્મેલા કેજરીવાલે માત્ર ચાર જ વર્ષમાં એવી પલ્ટી મારી કે જેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા તે લાલુપ્રસાદ યાદવ, શરદ પવાર, રાહુલ ગાંધી એ બધા સાથે હાથ મેળવી લીધા. જેવી રીતે ૨૦૧૨માં જ પક્ષ રચાયો અને ૨૦૧૩માં તેઓ સત્તામાં આવી ગયા તેમ તેમને વડાપ્રધાન થવાની ઉતાવળ હતી એટલે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં તેમણે મોદીજી સામે વારાણસીથી ઝંપલાવી દીધું અને ઘણી સેક્યુલર પ્રજાતિની પણ લાળ ટપકવા લાગી. કંઈ કહેવાય નહીં હોં. મોદી કંઈ બહુમતી લાવી ન શકે. એનડીએમાં મોદી પર ૨૦૦૨નાં રમખાણોના (તેમના મનમાં ઉપજાવેલા) કલંકના કારણે પક્ષો નીકળતા જશે. અને ત્રિશંકુ સંસદ રચાશે તો દિલ્લીમાં જેમ તેઓ મુખ્ય પ્રધાન બની ગયા તેમ કેન્દ્રમાં પણ વડાપ્રધાન બની શકે.

આથી ઘણા પત્રકારો અને લેખકો તેમની તરફ ઢળવા લાગ્યા. પુસ્તક વિમોચનમાં તેમને વિશેષ બોલાવાયા. તેમના ઈન્ટરવ્યૂમાં એવી લળીલળીને વાત કરાતી કે ન પૂછો વાત. અને ભાજપના નેતાના ઈન્ટરવ્યૂમાં આંખો કાઢીને આકરા પ્રશ્નો પૂછાતા. ૨૦૨૨ની ગુજરાત ચૂંટણીમાં પણ એવી 'હવા' ઊભી કરાઈ કે ત્રિશંકુ વિધાનસભા બનશે તો આ આપ સત્તામાં આવી શકે. પરંતુ આ આપના પાંચ ધારાસભ્યો માંડ ચૂંટાયા.

કેજરીવાલ એટલા મહત્ત્વાકાંક્ષી છે અને સરમુખત્યાર છે કે પરિવારવાદનો વિરોધ કરતા-કરતા પોતે જ્યારે જેલમાં ગયા ત્યારે તેમણે પત્ની સુનિતાને આગળ કરી જોયાં. જોકે તેમાં બહુ સફળતા ન મળતી લાગી એટલે આતિશી મારલેનાને મુખ્ય પ્રધાન બનાવ્યા. પરંતુ મુખ્ય પ્રધાને કરવી જોઈએ તે બધી સત્તાવાર ઘોષણાઓ પોતે જ કરતા. ઈવન, પંજાબમાં આ આપની સરકાર રચાઈ તો ત્યાંના આઈએએસ અધિકારીઓને દિલ્હીમાં બોલાવી તેમની બેઠક સુપર સીએમ તરીકે કરતા. તાજેતરમાં તેમણે દિલ્હી પોલીસના બદલે પંજાબ પોલીસની સુરક્ષા લીધી હતી. પોતે મુખ્ય પ્રધાન બન્યા પરંતુ એક પદ એક વ્યક્તિની ભાજપ જેવી નીતિના બદલે પોતે પક્ષના વડા તરીકે પણ ચાલુ રહ્યા. આમ, લોકતંત્રની વાતો કરતા કેજરીવાલે બંધારણની ઐસી કી તૈસી કરી નાખી.

કેજરીવાલ યુ-ટર્ન લેવાના કારણે પલ્ટુરામ તરીકે ઓળખાય છે. શ્રી રામજન્મભૂમિ ખાતે મંદિરનો વિરોધ કરનાર કેજરીવાલ ૨૦૨૨માં મંદિર બન્યા પછી ત્યાં વૃદ્ધોને દર્શને મોકલવા લાગ્યા. પોતે હનુમાનજીના ભક્ત બની ગયા. ૨૦૧૬માં સર્જિકલ સ્ટ્રાઇકના પુરાવા માગ્યા. પરંતુ પછી દેશભક્તિની વાતો કરવા લાગ્યા. એટલે જો તેઓ ભવિષ્યમાં ઉતાવળ કરીને તાત્કાલિક મુખ્ય પ્રધાન કે વડાપ્રધાન બનવાના બદલે લાંબા ગાળાની સ્વચ્છ, હિન્દુ તરફી, દેશભક્તિની નક્કર વાતો કરશે તો શક્ય છે કે જનતા તેમની તરફ પાછું વળીને જોશે. ■

jaywant.pandya@gmail.com

# રાજનીતિ – ભ્રષ્ટતા પછીથી આવે છે... દુષ્ટતા....

રાજકીય રસધાર
પ્રવીણ માધાણી



દિલ્હી વિધાનસભાના પરિણામો આવી ચુક્યા છે. આમ આદમી પાર્ટી સ્વરૂપે નવી તરેહની જે રાજનીતિનો ઉદય થયો હતો એ રાજનીતિને આ પરિણામોથી મોટો ઝટકો લાગ્યો છે. પરિણામોના આંકડાઓ બધા જાહેર થઈ ગયા છે, તેથી આંકડાઓની ચર્ચા અસ્થાને છે. આમ આદમી પાર્ટીનો ઉદય અને વર્તમાન રાજનીતિમાં તેનું વજૂદ અને પક્ષનું ભવિષ્ય શું છે ? એ આજની રાજનીતિમાં સૌથી વધારે ચર્ચાતો મુદ્દો છે. કોંગ્રેસ જે રીતે અસ્તાચળ તરફ જઈ રહી છે એ જોતા આ પક્ષ પાસેથી દેશના એક વર્ગને મજબૂત વિકલ્પ ઉભો થવાની શક્યતાઓ જણાતી હતી. હવે ઈમાનદાર રાજનીતિ જેવી મુખ્ય વિચારધારાથી પક્ષનો ભટકાવ એકસો એંસી ડિગ્રી ઘૂમી ગયો છે.

**-: ક્વિક નોટ :-**
**એડમંડ બર્ક નામના ઇંગ્લેન્ડની સંસદના વિરોધ પક્ષના નેતાએ વોરન હેસ્ટીન્ગ્સ પર આરોપો મુક્યા... એમાંનો છેલ્લો આરોપ હતો... હું હેસ્ટીન્ગ્સ પર દુષ્ટતાનો આરોપ મુકું છું....**

સૌ પ્રથમ જે પાયા અને સિદ્ધાંતો પર પક્ષનો ઉદય થયો એ જોઈએ તો એક આંદોલન જે ભ્રષ્ટાચાર નિર્મૂલન માટે અસ્તિત્વમાં આવ્યું હતું, એ આંદોલનની આડપેદાશ તરીકે આમ આદમી પાર્ટી અસ્તિત્વમાં આવી. ભ્રષ્ટાચારથી ખદબદતો યુપીએનો બીજો કાર્યકાળ ચાલી રહ્યો હતો. છાપાઓની રોજની હેડલાઈનોમાં નવાનવા કૌભાંડો પ્રગટ થઈ રહ્યા હતા. દેશની પ્રજા પણ બદલાવ માટે માનસિક સજ્જ હતી. ત્યારે ઉભા થયેલા આ અંદોલનના મુદ્દા અને અસરકારકતા જે તે સમયે એવા ઘનિષ્ઠ હતા કે ભારતના ઘણા વર્ગનું સમર્થન પ્રાપ્ત થયું. તેના પરિણામે દિલ્હી જેવા રાજ્યમાં પક્ષે ખુબ બહોળી બહુમતીથી સરકાર બનાવી. ૨૦૧૨માં સ્થપાયેલ પક્ષ ૨૦૧૩ સુધીમાં, માત્ર એક વર્ષમાં કોઈ રાજ્યની સરકાર બનાવવા સુધી પહોંચી ગયાની અભૂતપૂર્વ ઘટનાનો દેશ સાક્ષી બન્યો. પંજાબ જેવા રાજ્યમાં પણ એકલા હાથે સરકાર બનાવી. ગુજરાત જેવા રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૧૩ ટકા જેટલો વોટશેર મેળવીને રાષ્ટ્રીય પક્ષનો દરજ્જો પક્ષ મેળવી ગયો. ટૂંકા સમયમાં પક્ષ રાજકીય ફલક પર છવાઈ ગયો. દેશના રાજકીય વિશ્લેષકો પક્ષ અંગે મોટી ધારણાઓ અને શક્યતાઓ જોવા લાગ્યા.

દરમિયાન ગ્રાફ ગરબડ થવા લાગ્યો. બે વખત દિલ્હી જેવા મહત્વના રાજ્યમાં અમર્યાદ બહુમતી અને બીજા રાજ્યોમાં વધતા વોટ શેરથી પાર્ટી આલાકમાનનું માનસિક સંતુલન ગોથા ખાવા લાગ્યું. શિક્ષા, આરોગ્ય, યમુના સ્વચ્છતા અભિયાન, લોકપાલ જેવા એજન્ડાઓનું ઉજાગર થયેલું સત્ય, અમર્યાદ વિધાનો, ખાલીસ્તાનને સમર્થન, દેશની સેનાના પરાક્રમ અંગે શંકા અને સવાલો, પક્ષની સત્તાનું એક વ્યક્તિમાં કેન્દ્રીકરણ અને કોફીનમાં છેલ્લો ખીલો, ભ્રષ્ટાચારના આક્ષેપો સબબ આખું શીર્ષ નેતૃત્વનું જેલમાં જવું ઘાતક નીવડ્યું.

એક વ્યક્તિનો વિરોધ કરતા કરતા દેશની મુખ્ય વિચારધારાના વિરોધમાં પક્ષ ક્યારે તણાઈ ગયો એ ખબર ન પડી. જે વિચારધારા અને જનતા સમક્ષ વાયદાઓ જાહેર મંચ પરથી કરવામાં આવ્યા હતા, એમાંથી પક્ષનો આલાકમાન નામુકર ગયો. બીજા પર આક્ષેપો મૂકીને પોતાની છબી સ્વચ્છ રાખવાનો મિથ્યા પ્રયાસ થવા લાગ્યો. ભ્રષ્ટાચારના જે ભસ્માસૂરનો વધ કરવા પક્ષની વિચારધારા પ્રગટ થઈ હતી એ ભસ્માસૂરનો હાથ નાચતા નાચતા પક્ષના માથા પર જતો રહ્યો. રોષ ત્યાં સુધી ફેલાઈ ગયો કે ખુદ પાર્ટી સુપ્રીમો અને એકાદ બાદ કરતા કોઈ મોવડીમંડળ પોતાની સીટ ન બચાવી શક્યા. લગભગ આખું શીર્ષસ્થ નેતૃત્વ ચૂંટણી હારી ગયું. પાર્ટીના અસ્તિત્વ પર હાલ પુરતું પ્રશ્ન ચિહ્ન લાગી ગયું. ઈમાનદારીની રાજનીતિ સવાલોના વર્તુળમાં આવીને બેસી ગઈ છે. પ્રશ્ન એ નથી કે તમે સરકારી સવલતો કેમ લીધી ? એ મુખ્યમંત્રીને મળવા પાત્ર જ છે. તમે નહિ લેવાની જાહેરાત કર્યા વિના મુખ્યમંત્રીને મળતી સવલતો મેળવી હોત તો કોઈ પ્રશ્ન જ નહોતો, કોઈપણ વ્યક્તિ મુખ્યમંત્રી તરીકે બેસે એ બેશક લઈ શકે છે. પરંતુ મોટા સ્ટેજ પરથી જાહેરાત કરવી કે હું કોઈપણ સરકારી સવલતોનો ઉપયોગ નહિ કરું, ખોટા ખર્ચાઓ નહિ કરું અને ત્યારબાદ બધી સવલતો લઈ લેવી, લખલૂટ ખર્ચાઓ કરવા, બધું ઈમાનદારીની વ્યાખ્યામાંથી બહાર ફેંકાઈ જાય છે. રાજનીતિમાં તમારે તમારી ધરીને વળગી રહેવું પડે છે. પ્રજાનો કોઈ અદનો આદમી, પોતે ચાહે ગમે તેવો ભ્રષ્ટ હોય, પોતાનો નેતા તો ઈમાનદાર જ હોવો જોઈએ એવું ઈચ્છે છે.

ચીની નેતા માઓ ત્સે-તુંગની એક થીયરી છે કે નેતા કોણ છે? તુંગે કહ્યું છે કે નેતા એ સમુદ્રમાંથી ઉઠેલ એક મોજું છે, જે સમુદ્ર જનતા છે. સમુદ્રની હલચલ અને પવન પરથી મોજું ઉદ્ભવે છે. કિનારા તરફ ગતિ કરે છે, ઉંચાઈ મેળવે છે અને કિનારે પછડાય છે. પણ મોજું એ સમુદ્ર નથી. મોજાએ એ ભૂલવાનું નથી કે એ સમુદ્રમાંથી પેદા થયેલું છે, ખુદ સમુદ્ર નથી. એની જે ગતિ, તીવ્રતા, ઉંચાઈ, તાકાત સમુદ્રએ આપેલા છે. મોજાએ સમુદ્રથી મોટા હોવાનો ભ્રમ પાળવાનો નથી. છેલ્લું સત્ય સમુદ્ર છે, મોજું નહિ. કારણ કે તેના બાદ તરત બીજું મોજું પાછળ ઉઠી જ રહ્યું છે. લોકશાહીમાં જનતા પોતાની વિવેકબુદ્ધિ અનુસાર લીડર પસંદ કરી જ લે છે. મોજાનું પ્રારબ્ધ કિનારા સુધી જ છે. રાજનીતિમાં આ થીયરી ખુબ અગત્યની છે, જે મોજા રૂપી નેતા પોતાને સમુદ્ર સમજે છે, એ ફેંકાઈ જાય છે. લીડર આવે છે અને જાય છે, પ્રજા શાશ્વત છે. કોઈ લીડર પોતે સમગ્ર પ્રજા હોવાનો ભ્રમ પાળી શકતો નથી.

એક વખતના આમ આદમી પાર્ટીના અગ્રીમ નેતા અને કવિ કુમાર વિશ્વાસે એક વખત કહેલું કે અમારી સીટ પર રાજ્યસભામાં જવા માટે અઢાર અગ્રણી બૌદ્ધિકોએ સાફ ના પડી દીધી હતી. એવું તો શું થયું કે કોઈ તમારી સીટ પરથી રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરવા તૈયાર નહોતું થયું ? રાજનીતિમાં ભૂલો થઈ શકે છે, પણ એક સમય હોય છે, એ ભૂલો પર નજર નાખવાનો, એમાંથી બોધપાઠ લેવાનો. જો એ સમય વીતી જાય તો અસ્તિત્વ પર ખતરો ઉભો થઈ જવો સ્વાભાવિક છે. આમ આદમી પાર્ટીના કિસ્સામાં આજે તો એ તારણ દેખાઈ આવે છે કે થયેલી ભૂલોમાંથી કોઈ બોધપાઠ પક્ષે લીધો નથી. સતત આત્મમુગ્ધતામાં પક્ષ અને પક્ષના નેતાઓ તરતા રહ્યા. રાજનીતિમાં સત્તા એકમાત્ર લક્ષ નથી રાખી શકાતું.

■ production@infiniumpharmachem.com

# બે સારી ટીવી સીરિયલના નામ આપશો ?

હાસ્યાય નમઃ
ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩



(૧) બે સારી ટીવી સીરિયલના નામ આપશો?
જય દવે (ભાવનગર)
એક જે પૂરી થઈ ગઈ છે એ અને બીજી જે હજી શરૂ નથી થઈ એ.

(૨)લગ્નની આ મોસમમાં મારે મારો વ્યવસાય શરૂ કરવો છે. ક્યો વ્યવસાય કરું?
દર્શન પટેલ (વડોદરા)
વ્યાજબી ભાવે વરરાજાના બુટ ચોરી આપવાના અને કિફાયતી ભાવે ચોરાયેલા બુટ પાછા લાવી આપવાના એમ ડબલ બિઝનેસ કરો.

(૩)હદ સે ભી જ્યાદા તુમ કીસી સે પ્યાર નહી કરના.... પ્યાર માપવાનું કોઈ મીટર શોધાયુ છે ?
જીગર આહીર (દાત્રાણા-પાટણ)
તમે ફિલ્મવાળાની વાતોમાં શું કામ આવી જાઓ છો?

(૪)સાદા ઢોસા અને મસાલા ઢોસા વચ્ચે કેટલો તફાવત?
રમાબેન પટેલ (અમદાવાદ)
સાદા ડોસા અને શોખીન ડોસા વચ્ચે હોય એટલો!

(૫)કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારમાંથી આપ મુક્ત છો?
ડાહ્યાભાઈ આદ્રોજા (લીલિયા મોટા)
આ બધાય મારાથી મુક્ત છે!

(૬)નવા બાર પડેલા બજેટ વિશે વાચકોને શું કહેવા માંગો છો?
પાંડોર નિધિ (બાયડ)
આ વખતે પણ આ કોલમમાં સવાલ પૂછવા પર કોઈ ટેક્સ નથી લગાવવામાં આવ્યો.

(૭)વરને બિવડાવવા શું કરવું પડે?
કટારીયા આશા હિમ્મતભાઈ (કીડી)
બારણા પાછળ સંતાઈ જાઓ. આવે એટલે જોરથી 'હાઉ' એમ બોલો.

(૮)સાહેબ..! વિચારો કરતાં કરતાં માણસ ઘણીવાર પાગલ થઈ જાય છે, તો તમે વગર વિચાર્યે જવાબ આપો છો..!
ધોરાજીયા ઘનશ્યામભાઈ એન. (સાજણટીંબા)
સાચું કહેજો આ સવાલ તમે બહુ વિચાર્યા પછી પૂછ્યો છેને?

(૯)જીવનમાં કામ આવે એવું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે કયા પુસ્તકો વાંચવા જોઈએ ? ૨૫-૫૦ વર્ષ પહેલા લખાયેલા કે સાંપ્રત સમયના ?
કનુભાઈ પરમાર (દામનગર)
ક્યાં પુસ્તકો વાંચવા એ માર્ગદર્શન આપવા સાંપ્રતમાં હું એક પુસ્તક લખવાનું વિચારી રહ્યો છું એ તમે પચીસ પચાસ વર્ષ પછી વાંચી લેજો.

(૧૦)દિલ્હીમાં મુખ્યમંત્રીની પસંદગી કરવામાં તમને બોલાવ્યા છે?
રાજુ એન. જોષી ધરાઈ(બાલમુકુંદ)
પ્રમુખની પસંદગી માટે જે વ્યક્તિ અમેરિકા ન જાય એ માણસ દિલ્હી જાય? વાત કરો છો તે!

(૧૧) લગ્નની સિઝનમાં જ ડોક્ટર ગળ્યું, તીખું, તળેલું ખાવાની મનાઈ કરે શું કરવું?
રતિલાલ ડાભી (લીલીયા મોટા)
લગ્નમાં ડોક્ટરને પણ જમવાનું આમંત્રણ આપવું.

(૧૨)માણસના મનની ઈચ્છાઓ ક્યારે પૂરી થશે?
જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)
આવતીકાલે.

(૧૩)સંતરા અને મોસંબીમાં શું ફરક છે?
વર્ષાબેન પંપાણિયા (રાજુલા)
મો..બી.. ત અને રાનો ફરક છે. સં બેયમાં સરખો આવે છે.

(૧૪)કોનો વિશ્વાસ ન કરવો?
રામભાઈ પટેલ (સુરત)
મને તમારો ખાસ કોઈ અનુભવ નથી એટલે તમારું નામ નહી આપું.

(૧૫) ક્યારેક બુદ્ધિપૂર્વક વાતો કરે અને ક્યારેક પાગલ જેવી વાતો કરે એવા માણસને શું કહેવાય?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
સિઝનલ ગાંડો ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# એવું ઘર ન હજો કે જ્યાં આ વસંત ઋતુના પ્રવેશ પર પ્રતિબંધ હોય



જિંદગીની વાત તો બહુ દૂરની છે, એકાદ દિવસની જ વાત કરો ને ! દિવસમાં એવો કેટલો સમય મળે છે કે જ્યારે પોતાની જાત સાથે ઘડી-બ-ઘડી વાત થઈ શકે ? લગભગ નહિ. વસંતઋતુનો વાયરો મલયાનિલ છે. એનો પવન ચિત્તને ક્યાંથી ક્યાં લઈ જાય છે ! હૃદયની પ્રકૃતિદત્ત કામાસક્તિની મોસમ વસંત છે. કામનાઓની આસક્તિને ઋતુરાજ પ્રદીપ્ત કરે છે. આસક્તિ એટલે જીવ જેના આકર્ષણથી મુક્ત નથી. વૃંદાવનમાં કૃષ્ણ તરફ ગોપબાલિકાઓ તણાતી જાય છે. આકર્ષણ એક એવી તાણ છે જે છાની રહી શકતી નથી. ચાહક અને ચાહિકાને ખબર હોતી નથી પણ જગત આખું એ જાણતું હોય છે. જેમાં કંઈ ગોપનીય રહી શકે એમ જ નથી એ ગોકુળનો સ્નેહ છે.

વસંત ઋતુ ઊંડે ઉતરનારી ઋતુ છે કારણ કે એ ઊંડેથી આવે છે. વરસાદ તો નથી. આખા વનવગડાને કોઈએ જળસિંચન તો કર્યું નથી. હમણાં સુધી તો આ સર્વ નિષ્પર્ણ વનરાજિ મરણોન્મુખ દેખાતી હતી ને એકાએક હરિતમ પ્રલય એના અંગેઅંગમાં ક્યાંથી થયો ? એ કમાલ એના ઊંડા મૂળની છે, જે શાખાપ્રશાખા સુધી નવ્યજીવનધારા વહેતી લઈ આવે છે. જેમનામાં ઊંડાણ નથી તેઓ કપરાકાળે ફરી લીલ્લા થઈ શકતા નથી. દેખાતી સંપદા તો સહુ પાસે હોય, ભીતરના વણદેખ્યા મલકનો જે માલેતુજાર હોય એ જ વસંતે વસંતે નવ્યાવતાર ધારણ કરી ફરી ફરી મહેકે છે.

રંગબેરંગી ફૂલો પણ અંતઃકરણની ભાષા છે. એ પહોંચે છે આપણા સુધી ઈન્દ્રિયો દ્વારા. પરંતુ ફૂલો અને એની સુગંધ વાસ્તવમાં ઈન્દ્રિયાતીત છે, કારણ કે એ આપણને પરમ આનંદના એવા અનુભવો સુધી લઈ જાય છે જે સામાન્ય વ્યાવહારિક જીવનમાં વારંવાર પ્રાપ્ત થતાં નથી. મનુષ્ય આમ તો દિવસભર પોતાના બુદ્ધિ પ્રદેશમાં વસે છે, પરંતુ એમાંથી ક્યારેક-ક્યારેક એ હૃદયપ્રદેશમાં પ્રવેશી જાય છે. જેમ કે પિતા જ્યારે દીકરી સાથે વાત કરતા હોય.... અથવા તો સમી સાંજે શાળાએથી પાછો આવતો પુત્ર માતાને ગળે વળગી પડતો હોય અથવા તો એક હાથમાં ગૃહિણી ઝાલર વગાડતી હોય ને બીજા હાથે નિજમંદિરમાં આરતી ઉતારતી હોય... ત્યારે આપણે હૃદયના પ્રદેશમાં પ્રવેશી જઈએ છીએ.

જેને ધર્મ કહે છે એ અલગ વસ્તુ છે અને એવું નથી કે માત્ર ધર્મમાં જ પુણ્ય થાય છે, પરંતુ મનુષ્ય જ્યાં સુધી પોતાના નિર્વિકાર અને નિર્વિચાર હૃદય દ્વારા અસ્તિત્વ ધરાવે અને પોતાની હયાતીના આનંદમાં જ મગ્ન રહે તો તે પણ એક પુણ્યસંપદા જ છે, એ ભલે ચિત્રગુપ્તના ચોપડે ન ચડે. પરંતુ હૃદયપ્રદેશમાં વિદ્યમાન રહેવું એના જેવી જિંદગીની મહત્ ઉપલબ્ધિ બીજી કોઈ નથી. ધ્યાનની કોને જરૂર છે ? જેમણે પોતાની જિંદગી બુદ્ધિને વેચી નાંખી છે અને હવે બુદ્ધિ પાસેથી એ જિંદગી પાછી લઈને હૃદયને આપવાની છે એણે મહામૂલા ધ્યાનની ચૂકવણી કરવી પડે છે. બુદ્ધિના હાથમાં જે કંઈ આવે એ પછી હૃદયના હાથમાં ન આવે. પતિ-પત્નીના સંબંધોમાં પણ બધું હૃદયને જ સોંપી દેવાની મઝા છે. સંબંધોમાં અબુધ કે અણઘડ દેખાવું સારું, પણ હૃદયની સીમાનું ઉલ્લંઘન યોગ્ય નહિ.

વસંત ઋતુ આપણને ચૂપ કરવા આવી છે. આમ્રમંજરીની મહેકથી કોકિલ મત્ત બને છે અને પ્રાતઃકાળથી કોકિલાની ઝંખનામાં એ ગુંજન શરૂ કરે છે. કોકિલસ્વરના બે જ શ્રેષ્ઠ મુહૂર્ત છે - વહેલી સવારે અને બરોબરના બપોરે. એના કુહૂઉઉઉકારમાં અને મોરના વર્ષાકાલીન ટહુકારમાં શું છુપાયેલું છે તે રહસ્ય કોઈ જાણતું નથી. બસ એ સ્વર અતિપ્રિય છે એટલી જ સહુને ખબર છે. એ ભીતર પ્રવેશતા સ્વરસંપુટ છે. જિંદગીમાં જે કંઈ પણ ફરી ફરી સાંભળવાનું મન થાય એ સંગીત છે. ભણ્યાગણ્યા પછીય જે અક્ષર અને શબ્દ વારંવાર ઘૂંટવાનું મન થાય તે બ્રહ્મ છે. ભીતર મળે, ભીતર ભળે, ભીતર ન રહે ભેદ, ભીતરને જે ઓળખે એને શું કરવા ચારે વેદ...? બહાર બહુ દોટ લગાવી છે. બહુરંગી રમતમાંથી નવરાશ મેળવવા આ બહુરંગી રત આવી છે. એના અનુસંધાને અમથો એક આપ્પદીપ પ્રગટાવી ભીતરના પંથે ઊંડે ઊતરવાનું આ ટાણું છે. કારણ કે ભીતરના વૈભવને કદી શિશિર અડતી નથી કે નડતી નથી.

નવપલ્લવિત થવું એ દરેક વૃક્ષવેલના વસંતસંસ્કાર છે. મનુષ્ય પાસે નિત્ય પ્રાતઃકાળ છે તે છે તો નવપલ્લવિત થવા માટે જ. પણ ગઈકાલના પીળા પાંદડાઓને આપણે એટલા બધા સાચવી રાખેલા હોય છે કે નવોદિત લીલી કૂંપળ માટે ભાગ્યે જ જરાક જગ્યા બચી હોય. વન-ઉપવનને જે તક વરસે મળે છે તે તક અને તે તાજગી મનુષ્યને દરરોજ વહેલી સવારે સુલભ છે. પણ રોજનો એ અમૃતાનુભવ લેવાની કેટલાને તમા છે ? આપણે ઘરના ઉંબરે અટકી ઊભેલી વસંતના ક્યારેક માત્ર દર્શનાર્થી જ હોઈએ છીએ. કેટલાક ઘર તો એવા હોય છે કે જ્યાં વસંતના પ્રવેશ પર જ પ્રતિબંધ હોય છે. ભૌતિક સુખની તાણમાં કેસૂડાનું એક ફૂલ પણ આપણા સ્નાનગૃહમાં પગલા પાડી શકતું નથી. વસંતઋતુનો બારમાસી રાજદૂત શિશુ છે. આપણા પરિવારોના આંગણે નિત્ય વસંતનો વિજયધ્વજ લઈ દોડાદોડ કરનારા શિશુઓ આપણી જિંદગીની ઉષા અને ઉષ્મા બન્ને છે.

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

શાળાઓમાં આજકાલ જે બાળકો જોવા મળે છે તે માતૃત્વની ડેફિસિટ સાથેના બાળકો છે. કારણ કોઈ પણ હોય પરંતુ આજની માતાઓ તેમના સંતાનોને પૂરતો સમય આપી શકતી નથી. કારકિર્દી, સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબની અલગ અલગ ભૂલભુલામણી અને વિશેષ તો માતાનું પોતાનું અજ્ઞાન. બાળક જુનિયર કે.જી. માં જતું થાય એટલે માતાઓ હાશકારો અનુભવે છે. પછી બે-ત્રણ વરસ એને રાહ જોવી 'પડે' છે કે ક્યારે બાળક શાળાએ ફુલટાઈમ જતાં થાય. માતાની આ મનોવૃત્તિ ખરેખર તો બાળકની જિંદગીનું મહત્ દુર્ભાગ્ય છે. જે ઘરમાં શિશુઓને આપવાનો સમય સહુ પાસે છે એ ઘરનો ધર્મ વસંત ઋતુ છે. કારણ કે એક બાળક સાથે કામ પાડવામાં જે જે પ્રવૃત્તિઓ થાય તેનાથી સહુની જિંદગી અપડેટ થાય છે. વસંત ઋતુ પ્રકૃતિની દર વરસે અપડેટ થતી રહેતી નવી આવૃત્તિ છે. દરેક બાળક હજારો અભિનવ જીવનકલા લઈને આવે છે. માતા-પિતાથી વિશેષ દાદા-દાદી કે નાના-નાની સાથે બાળકોને કેમ વધુ માયા બંધાઈ જાય છે ? કારણ કે તે[illegible] તેમને ભરપુર સમય આપે છે.

બાળકોની પ્રમુખ જરૂરિયાત સમય છે. તમે એને જેટલો વધુ સમય આપો એટલો એનો શારીરિક, બૌદ્ધિક અને સંવેદના તંત્રનો વિકાસ વધુ ઝડપી અને સુગમ રહે છે. ઘરમાં દસ કલાક જાગૃત રહેનાર બાળકની સમયની ભૂખ ઓછામાં ઓછી દરરોજ પચાસ કલાકની હોય છે. એટલે કે કુટુંબના અને અન્ય લોકો પાસેથી કુલ પચાસ કલાક લેવા ચાહે છે. એટલો સમય સહુના તરફથી એને સરવાળે મળી રહે ત્યારે એને એક દિવસનું સામયિક પરિપોષણ મળ્યાની તૃપ્તિ એને થાય છે. શૈશવકાળમાં મનુષ્ય વન-ટુ-વન કોમ્યુનિકેશનની વ્યક્તિ નથી. એને સમૂહમાં ઉછેર વધુ માફક આવે છે. છતાં ઓછા કે અલ્પસંખ્ય પરિજનો વચ્ચે ઉછરતા બાળકો આ જગતમાં અધિક છે, આગળ જતાં એ મનુષ્યને આ જગત સાથે અનુકૂલન સાધવામાં તકલીફ પડે છે. તેઓ વારંવાર ઓફટ્રેક થઈ જાય છે. તેઓ વધુ પડતા અંતર્મુખી થઈ શકે છે.

અંતર્મુખી હોવું તે જિંદગીના પરમ ઉપાસકનું લક્ષણ છે. પરંતુ બહિર્જગતમાં બહિર્મુખતા અમુક હદે જરૂરી છે. સાવ સામાન્ય દૃષ્ટિએ જુઓ તો બાળક એકની ફરિયાદ બીજાને કરી શકે અને બીજાની ફરિયાદ ત્રીજાને કરી શકે એવી વ્યવસ્થા હોવી જોઈએ. વધુ સમય એકલી માતા પાસે ઉછરતા બાળકો વારંવાર અને તત્ક્ષણ માની ફરિયાદ કોને કરે ? એમાં એને રિસાઈ જવાના ચાન્સ પણ ઓછા મળે. એટલે ક્રમશઃ જે છે એને સ્વીકારી લેવાની સ્થિતિ આવે જે તો માનવ ઉત્ક્રાન્તિથી તદ્દન વિપરીત છે. આપણે અહીં સુધી પહોંચ્યા એનું કારણ જ એ છે આપણા પૂર્વસૂરિઓએ જે હતું તે ન સ્વીકાર્યું અને એમાં ફેરફાર કર્યો અથવા કંઈક નવું કર્યું. એટલે જે છે તે સ્વીકારી લેવાની બાળકને ટેવ પડી જાય તો એ મનુષ્યના મૂળભુત ગુણસંપુટમાંથીય સહેજ હાંસિયામાં ધકેલાઈ જાય છે.

વસંત ઋતુનો આહલાદક અનુભવ એટલે જ જરૂરી છે. દરેક વૃક્ષ ઘનઘોર તાજગીથી પોતાના અસ્તિત્વને સઘન બનાવે છે. વસંત દરેક વૃક્ષની હયાતીને સ્ટ્રોંગ બનાવે છે. પ્રકૃતિમાં એને પુનર્પ્રવેશ મળે છે. વૃક્ષ ફરી મુખ્ય ધારામાં આવે છે. સુગંધ, ફળફળાદિ અને લીલોતરીની અજાયબ લીલા આ મુખ્ય ધારામાં જ છે. જે પરિવાર બાળકોને વધુમાં વધુ સમય આપે છે તે આસાન રીતે અને નિરાયાસ જ મુખ્ય પ્રવાહમાં રહે છે જેમાં જિંદગીના સર્વ ફૂલગુલાબી અનુભવોના ભંડાર છે. વસંતઋતુથી આગળ નીકળી ગયેલા પોતાના માતાપિતાને બાળક પુનરપિ વસંતક્યારે સ્થાપે છે. છેક પાનખરની ધારને અડવા આવેલા દાદા-દાદીને બાળકો પૂર્ણ વસંતનો સાક્ષાત્કાર કરાવી બાગબાગ કરી દે છે. શિશુ સન્મુખ હોવું તે દેવોની સન્મુખ હોવાથી પણ કંઈક વિશેષ છે. વસંતમાં મોગરાની કળીએ અને આંબાની ડાળીએ જે મત્ત કરી દેનારી ઊઘડતી મહેક છે એ એના યથાતથ વિકલ્પે શિશુલોક અને સ્વર્ગલોક બે સિવાય તો બીજે ક્યાંય નથી. ■

# ચિન્ટુ તું નિબંધની નોટ કેમ આજેય પણ નથી લાવ્યો ?




"ચિન્ટુ તું નિબંધની નોટ કેમ આજેય પણ નથી લાવ્યો ? '' ગુજરાતી વિષયના ટિચર પાંદડી દાદાવાલાએ ચિન્ટુની સામે જોઇને નિંબધની નોટની કડક ઉઘરાણી કરી ત્યારે કલાના મોનિટર દત્તુએ કલાસ આખાની નિબંધની નોટ એકત્ર કરીને ટેબલ ઉપર મુકતા ચાડી ખાધી : "મિસ ચિન્ટુના દફતરમાં નિબંધની નોટસ છે જ પણ તમને આપતો નથી !'' "કેમ નિંબધની નોટસ તું આપતો નથી ?'' ક્લાસ ટિચર પાંદડીના ભવાં ઊંચકાયા. આખો કલાસ હવે ચિન્ટુને તાકી રહ્યો હતો. "શું થશે ?'' ની ઉત્કંઠામાં આખો કલાસ ટાંપીને જ બેઠો હતો કે હવે તો ચિન્ટુનું આવી બન્યુ ! અને ચિન્ટુનું "આવી બને, એની સૌને રાહ પણ હતી.

"નોટ લાવ તારી...'' પાંદડીએ ફરી વખત નોટ માગી ત્યારે ચિન્ટુએ બીતા બીતા નોટ આપી. પાંદડીએ કુતૂહલ વશ થઈ નોટસના પાનાં ફેરવવા માંડયા. આમ તો કશું વાંધાજનક જણાયું નહી પણ દતુએ સાવ અડોઅડ જઈને બોમ્બ ફોડયો : "મિસ, તમે મમ્મી વિશે ચિન્ટુનો નિબંધ વાંચ્યો ? એકવાર વાંચી જુઓ '' હોઠોમાં સ્મિત દબાવતો દતુ પોતાની બેન્ચ ઉપર બેસી ગયો અને છેલ્લે આપેલા વિષય 'મારી મમ્મી' ઉપર ચિન્ટુના લખાયેલ નિબંધનું પહેલું જ વાક્ય વાંચીને પાંદડી ચમકી ગઇ : ચિન્ટુએ લખ્યું હતું કે "મારે બે મમ્મી છે એક મમ્મીનું નામ ગીતાબેન છે અને બીજી મમ્મીનું નામ સોનલબેન છે. મારે પપ્પા એક જ છે પણ મારી બન્ને મમ્મીઓ મારૂં ખૂબ ધ્યાન રાખે છે. એ બન્ને સરખું વહાલ કરે છે..''

"તારે બે મમ્મી છે ?'' પાંદડી દાદાવાલા જાણે ભાન ભૂલી ગઈ અને ચિન્ટુને લાગલુ પૂછી બેઠી કે આખો કલાસ ખડખડાટ હસી પડયો કારણ કે દતુએ ત્રણ દિવસ પહેલા રિશેષમાં ચોરીછૂપીથી તેની નિબંધની નોટ ચોરી લઇ આખા કલાસના છોકરાઓને વંચાવી હતી અને પછી તો આખો કલાસ ચિન્ટુની પાછળ પડી ગયો હતો.

ચિન્ટુ રડમસ ચહેરે નીચી મૂંડી કરી ગયો કે દતુએ ચિન્ટુની ફિરકી લેતા કહ્યું : "મિસ તને પૂછે છે ચિન્ટુ, જવાબ આપ! પરંતુ દતુએ ફરી વખત તેની રિમાન્ડ લેવાનું શરૂ કર્યું કે કલાસ ટિચર પાંદડી દાદાવાલાને હવે સાચી પરિસ્થિતિનું ભાન થયું કે તેણે ચિન્ટુને આ રીતે જાહેરમાં પૂછવું જોઈતું નહોતું. કઈક તો એવું કારણ હશે, કઈક તો એવી ઘટના ઘટી ગઇ હશે કે જેનાથી ચિન્ટુ પણ અવગત હશે અને શરમ ઉપજતી હશે. આખા કલાસને તતડાવી નાખ્યો બધા ચૂપ થઈ ગયા. સાંજે જયારે રજા પડી ત્યારે પાંદડીએ ચિન્ટુને બોલાવ્યો કહ્યુ કે મારે તારા ઘેર તારા બન્ને મમ્મીને મળવા આવવું છે પણ કાલે સાંજે આવીશ એમ ઘરે વાત કરજે. ચિન્ટુની આંખોમાં ગભરાટ ફેલાઇ ગયો. પાંદડીએ મીઠું સ્મિત કરીને તેના માથામાં હાથ ફેરવતા કહ્યું : "હું તો મારા કામે આવવાની છું તું કોઇ ચિંતા નહીં કરતો હોં ! તારી કોઈ ફરિયાદ નથી.'' એટલે ચિન્ટુએ કહ્યું "મિસ, મારા ઘરે તમે આવો પણ ગીતામમ્મી જ મળશે. સોનલમમ્મી તો પિયર ગયા છે !!'' ડોન્ટ વરી હું ગીતામમ્મીને મળવા આવીશ.

----

બેઠા ઘાટનું દેશી ઢબનું મકાન હતું. નીચે એક ઓંસરીબંધ રૂમ અને રસોડું હતું. રસોડું અડધુ ઓસરીમાં અને અડધું ફળિયામાં ઉતારેલ હતું તેની બાજુમાં દાદરો હતો જ્યાંથી ચડીને ઉપર મેડે જવાતું હતું. મેડા ઉપર એક રૂમ ઉતારેલો હતો. આજે ઘરે પોતાના કલાસ ટિચર આવવાના હતા એવી વાત કરી રાખી હતી એટલે જેવી પાંદડી આવી કે ગીતાબેને તેને ઉમળકાભેર આવકારી "તારે રમવા જવું હોય તો જા.'' પાંદડીએ પડખે ઊભેલા ચિન્ટુને કહ્યું એટલે ચિન્ટુ ડેલી બહાર રમવા જતા રહ્યો. ગીતાબેને ભરી દીધેલા ચાના કપમાંથી ચાની ચૂસ્કી ભરતા ભરતા હૈયામાં ધોળાતો પ્રશ્ન આખરે પૂછી જ નાખ્યો એટલે સૌ પ્રથમ તો ગીતા ખડખડાટ હસી પડી : "આ માટે તો મારે આખી કથા કહેવી પડશે !!''

"તે કહોને ગીતાબેન એ કથા સાંભળવા તો આવી છું અને આમ જો સાચુ કહુ તો ચિન્ટુનો નિબંધ વાચ્યો છે ત્યારની વિચારમાં પડી ગઈ છું. કાલ તો આખી રાત ઊંઘ પણ નથી આવી. મારા હસબન્ડ પણ આજે સવારે પૂછતા હતા કે તારી આંખો આટલી બધી લાલ કેમ છે ? આખી રાત સૂતી જ નથી કે શું ? તો મેં કહ્યું હા ! આખી રાત ઊંઘ જ નથી આવી. એટલે હવે તમે કથા કહો પછી જ મને ચેન આવશે !!'' અને ગીતાએ કથા શરૂ કરી : "પાંદડીબેન આ સોનલ બીજું કોઇ નહીં પણ મારા દીકરાની વહુ છે એનો તમને સૌથી પહેલા ખુલાસો કરી દઉ. હવે આખી જ કથા શરૂ કરૂ..ઉ! વાત એમ બની હતી કે.... મારો દીકરો અરવિંદ આઠમા ધોરણમાં આવ્યો કે તેના બાપાને તરત ને તરત નોકરી મળી જાય એવી ઈચ્છા હતી. આમ તો એના બાપાય પણ ભણવામાં હોશિયાર હતા પણ ટાણે જ એમના બાપા ગુજરી ગયા અને મેટ્રીકમાં ફેલ થયા અને પછી તો ફેર દાણ પરીક્ષાય આપી ના શક્યા અને ઘરની જવાબદારીમાં જોતરાઈ ગયા પણ અરવિંદને તરત જ નોકરી મળે એવી ખૂબ ઈચ્છા એટલે હાઈસ્કૂલના હેડમાસ્તરે કહ્યું કે એને જો મેટ્રીકમાં સારા ટકા આવે તો પી.ટી.સી. કરાવજો. અરવિંદને જો પીટીસીમાં એડમિશન મળી ગયુ તો બેડો પાર થયો સમજો ! આમ તો અરવિંદેય ખૂબ મહેનતું કે મેટ્રિકમાં સારા ટકાએ પાસ થયો અને પી.ટી.સી. થઈને નોકરીએ વળગ્યો કે, સગામાંથી માગુ ય આવ્યુ. અરવિંદના બાપાને તો દીકરા ઝટ ઝટ પરણાવવાની બહુ હોંશ હતી તે પરણાવીય દીધો. તો નમણી નાગરવેલ જેવી વહુ પણ આવી ગઇ પણ કહાણી હવે શરૂ થાય છે બૂન ! મુને તો તમને આગળ કહેતાય લાજ આવે છે. "એટલું કહીને ગીતા અટકી ગઇ કે પાંદડીએ ગીતાનો શરમથી ઝૂકી ગયેલો ચહેરો ઊંચો કર્યો. આંખોમાં આંખ પરોવીને પોતા પ્રત્યેનો વિશ્વાસ રોપતા કહ્યું : "મને તમારી સખી જ સમજો, તમે જે કંઇ કહેશો ઇ વાત મારા ઘરવાળાને પણ નહી કરૂં બસ ? કસમથી ...''

લઘુ-નવલકથા
યોગેશ પંડયા

ગીતા તાકી રહી અને પછી આગળ ચાલુ કર્યુ : "દીકરાના લગન કર્યા ત્યારે શિયાળો પૂરેપૂરો જામી ગયેલો. અમે ઇ બેયને મોકળાશ મળે એટલે મેડે જ સુવા મોકલી આપતા. બેઉ છોકરા વળી જુવાન હૈયા! અને મને તો વહુમાં પહેલી જ નજરે દીકરી જ દેખાણી. ઈનેય માના ખોળાની હુંફ જોતી હતી. તે અમે સાસુવહુ નહી પણ સખીઓ જેમ રહેવા મંડેલા. 'બા', 'મમ્મી', 'માડી' બોલતા બોલતા એનું મોઢુ થાકે નહીં. અરવિંદ તો પચીસ કિલોમીટર દૂર ગામમાં નોકરી મળેલી તે અપડાઉન કરે અને ઇ ના બાપાય આખો દિ' સવારે ભાત લઈને સીમમાં વહ્યા જાય. એક દિ' મને કહે : 'બા, એક વાત પૂછું ? ' મેં કીધું : પૂછને બઇ...' તો મને કહે કે તમે મારા સસરા આવી ટાઢમાં ઓહરીમાં કેમ સૂવો છો ? ઓરડામાં કેમ નહીં ?'

'અરે બઇ...' હું તો ખડખડાટ હસી પડી : ' અને કહેવા લાગી કે બઇ તારો ઘરવાળો એટલે કે મારો દીકરો આઠ નવ વરહનો થયો સમજણો થવા લાગ્યો તે દિ' ની ઘડીને આજનો દિ' ! ચાર આખ્યું ભેગી નથ થઇ !!''

"એવું હોય કાઇ ? '' એ મને કહેવા લાગી : " મારા પિયરમાં તો મારા બેઉ ભાઇ - ભાભીના નોખા નોખા રૂમ, મારોય નોખો રૂમ અને હા મારા મમ્મી પપ્પાના ય નોખા રૂમ ! એટલે માડી, આવુ નો હાલે ! મને ઈના ગળાના સમ આપ્યા અને તે દિ' ની રાતે ઈણે જાતે જ અમારી પથારી ઓરડામાં કરી. જતી જતી કહેતી ગઇ : "આમાં જો તમે કાંઇ ફેરફાર કર્યા તો આ તમે મને દીકરી માનો છો ને ? ઈ ને મરતી ભાળો !!'' ઘડીક અટકીને ગીતા, પાંદડી સામે તાકી રહી. "પછી ?'' પાંદડીએ ઉત્કંઠાથી પૂછયું. જવાબમાં કહે : "પછી શું આદમી અને અસતરી ભેગા થાય તો શું થાય બૂન ? અમારી કાંઇ એટલી તો ઉંમર નહોતી. હું તો ત્યાં લગણ ઘરમમાંય બેસતી હતી અને એક દિ' સવાર સવારમાં મને ઉબકો આવ્યો. મને થયું કે સેવટમેટાનું શાક આગલી રાત્રે ખાધુ હતું એ વાયડું પડયું પણ વાયડી તો પડી અમારી ભૂલચૂક ! ગામમાં નર્સબેનને બતાવ્યું તો કહે કે આ ઉલટી ઉબકા પેટની તકલીફના નથી. મોટા દાકતરને બતાવવા ગયા તો ... ન સંભળાય એવું નિદાન કર્યું. ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થઇ ગયું. મેં વહુને કીધું કે, ગમે એમ કર્યુ પણ આને પાડવું જોશે બાઇ ! ઘરમાં વહુના સારા દિવસોની આશ હોય ને એટાણે સાસુને ? પણ એણે કહ્યુ કે જે થવું હોય એ થાય, જેને જે કહેવું હોય એ ભલે કહે પણ તમે ઈ વાત તો ભૂલી જ જાવ અને સારા સમાચાર તો હવે તમનેય આપુ કે હું ય પણ પ્રેગનન્ટ છું !! '' ગીતા થંભી : બૂન, ભગવાનેય શું કળા કરી કાંઇ ?

"બૂન, જેમ જેમ દિ' ચડતા ગયા ઈમ ઈમ હું ઘરમાં ને ઘરમાં પૂરાતી ગઇ. પૂરા દિવસે વેણ ઉપડી તઇ ઈ આઠમા મહિનેય દવાખાને મારી હારોહાર જ રહી મેં દીકરો જણીને સીધો એના હાથમાં જ મૂક્યો અને એણે હૈયાસરસો ચાંપ્યો બૂન! ભગવાનેય કેવો જાદુ કરે છે. દીકરો તો જણ્યો પણ જણનારીના થાનોલામાં ધાવણ જ ન ચડયુ અને ચિન્ટુડાને બકરીનું દુધ ચાલુ કર્યુ પણ એનું પેટ પચાવી ન શક્યું. ભૂખ્યુ તરસ્યુ પદુડુ મારી આંખ ભીંજવતું રહ્યું. પણ કુદરતનો ખેલ જુઓ નવમો મહિનો પૂરો થવાની દસ દિવસની વાર હતી ને વહુને સુવાવડ થઇ ગઇ. એણે કલૈયા કુંવર જેવો દીકરો જણ્યો પણ જણ્યા ભેગા તો તેના બેય થાનોલા દુધથી રેલછેલ થયા. દુધ ઉભરાઇ જવા લાગ્યું, પોલકાં ભીના થઈ જતા જોય કે એણે મારા હાથમાંથી આ ચિન્ટુડાને લઇ લેતા કહ્યું : "આ દુધ તો મારા દેરના ભાગનું જ છે !! બૂન, ઈના એક થાનોલે દીકરો અને બીજા થાનોલે દેર ! હવે તમેજ કહો બૂન, આ ચિન્ટુડાને ઈ દે'ર ગણે કે દીકરો ? ઈનો છોકરો મમ્મી, મમ્મી કરતો એની પડખે જાય તો ચિન્ટુડો સાથોસાથ જાય. પહેલા દેરને ખોળામાં લે, પછી એના દીકરાને ! હવે કહો ચિન્ટુડાને બબ્બે મમ્મીઓ થઇ કે નહી ?'' જવાબમાં ભીની આંખે પાંદડી તાકી રહી.... ■

# ન તો જ્યોતિ કંઇ બોલી કે ન તો દામલ પણ કંઇ બોલ્યો




બાએ ટેબલ પર ડીસ મૂકી, દૂધનો પ્યાલો પણ મૂક્યો. ત્યાં તો દામલ પણ આવી પહોંચ્યો ને જ્યોતિની બાજુમાં જ ખુરશી પર બેસી ગયો. તેની થાળી પણ બાએ મૂકી. હવે નાસ્તો કરવાનું કામ શરૂ થયું. થોડીવાર થઇ ત્યાં બાએ દાંત કાઢતા વાત વહેતી મૂકી : "આજે તો જ્યોતિ ઘણી વહેલી ઊઠી ગઇ...''

" એ તો ગઇ કાલે વહેલી ઊંઘી ગઇ હતી ને એટલે વહેલી ઊઠી હશે...'' દામલે થોડું હસીને જ્યોતિ સામે જોઇ કહ્યું.

" વહેલી સવારમાં સાડા પાંચ વાગે મારી આંખ ઊઘડી. તરસ લાગી હતી એટલે બોટલમાંથી પીણી પીધું. પછી પથારીમાં આડી પડી પણ ઊંઘ જ ન આવી. એટલે પછી... ઊભી થઈને પ્રાતઃકાર્યમાં લાગી ગઇ.'' જ્યોતિએ સામાન્ય વાત કરતા કહ્યું.

"દરરોજ વહેલાં ઊઠવાની ટેવ પડી જાય તો તો ખૂબ જ સારૂં કહેવાય. વહેલાં વહેલાં ઊઠે તે ખૂબ જ નરવા હોય છે...'' બાએ કહ્યું.

ન તો જ્યોતિ કંઈ બોલી કે ન તો દામલ પણ કંઇ બોલ્યો. એમ જ નાસ્તો થઇ ગયો. પહેલાં દામલ અને બાદમાં જ્યોતિ રસોડામાંથી બહાર નીકળ્યા. દામલનું તો નક્કી જ હોય તેમ તે તો સીધો જ હિંડોળામાં પગ પર પગ ચડાવીને બેસી ગયો એટલે જ્યોતિ હવે ઓસરીની કોરે થાંભલીને ટેકો દઇ એમ જ ઊભી રહી.

"અગિયાર થવાને તો હજી ઘણીવાર છે. હું લાઇબ્રેરીએ જતો આવું તો...?'' જ્યોતિ સામે જોતાં દામલે કહ્યું. ત્યાં તો જ્યોતિએ પણ તરત જ જવાબ આપતાં કહ્યું : "રોજ રોજ તું આમ પૂછીને જ લાઇબ્રેરીએ જા છો ? રોજ પૂછીને જ તું રાતના ગામમાં ચક્કર મારવા જા છો ? તારે જવું હોય તો જા, પરંતુ સાડા દસ થાય એટલે ઘરે આવી જજે. નિશાળે તો સમયસર જવું જ જોઇએ....''



ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

પ્રથમવાર જ્યોતિ આવું અને આટલું બોલી એટલે દામલને અંદરથી મનમાં મનમાં આનંદ થયો. એ કંઇ બોલ્યો નહીં પણ જ્યોતિ સામે જોઇ સ્મિત કરતાં ઊભો થયો. ઓસરીના પગથિયા ઊતરી, ચંપલ પહેરીને તે તો ડેલી બહાર ચાલ્યો ગયો.

બા....હજી રસોડામાં હતા. લાંબી ઓસરીમાં જ્યોતિ એકલી પોતે હિંડોળા પર બેસી ગઇ. થોડીવાર થઈ એટલે કંટાળો આવતા તે ઊભી થઇ અને તેના રૂમ તરફ ચાલી. રૂમમાં જઇ સીધી જ પલંગ પર આડી થઈ. ત્યાં તો વળી વિચારોનો મારો ચાલુ થઈ ગયો.

એક પછી એક એમ અનેક વિચારો તેને ઘેરી વળ્યા. કયારેક સુખના તો કયારેક વળી દુઃખના. અમુક વિચારો તો કોઇને કહી પણ શકાય નહીં તેવા હતા. પણ શું કરવું...?

સાડા દસ પહેલાં દામલ ઘરે પહોંચી ગયો. આવતાં વેંત પાણી પી લઇ તે હિંડોળા પર બેસી ગયો. તેના આવવાના અવાજથી જ્યોતિને ખબર પડી ગઇ હતી કે, દામલ આવ્યો છે. એટલે પલંગમાંથી ઊભી થઇ... બે - પાંચ મિનિટ અરિસા સામે ઊભી રહી, પછી...., રૂમમાંથી બહાર નીકળી.

હિંડોળા પર બેઠેલા દામલ જ્યોતિને જોઇ મારકણું સ્મિત કરતાંની સાથે બોલ્યો : "સાડા દસ પહેલાં ઘરમાં આવી ગયો છું. હજી દસ પંદર મિનિટની વાર છે. અહીં હિંડોળા પર જ થોડીવાર બેસ, પછી જઇએ...''

"હવે બેસવું નથી, ધીરે ધીરે ચાલતાં થઇએ તો..'' જ્યોતિ બોલી.

"પણ...આટલું બધું વહેલું..., પાંચ મિનિટ તો બેસ... પછી નીકળીએ...''

ને જ્યોતિ હિંડોળા પર બેઠી. જ્યોતિ ચૂપ અને દામલ પણ ચૂપ કોઈ કંઇ બોલ્યું નહીં, એક પણ વાત થઇ નહીં. બસ, આમ જ પાંચ - સાત મિનિટ પસાર થઇ એટલે જ્યોતિ ફરી બોલી : "હવે નીકળીએ તો...?''

"ચાલ....'' એમ કહેતો દામલ ઊભો થયો. જ્યોતિ પણ ઊભી થઇ. ઓસરી ઊતરી ફળીમાં રહેલાં ચપ્પલ પહેરતાં હતાં ત્યાં જ બા આવ્યાં ને બોલ્યાં : "આવજો બેટા..., નિરાંતે જજો...''

ડેલીમાંથી બહાર નીકળી જ્યોતિ અને દામલ નિશાળે જવાના રસ્તે ધીમે ધીમે ચાલી રહ્યા હતા. રસ્તા પર કયારેક કોઇ એકલ - દોકલ વ્યક્તિ જ આવ - જા કરતા હતા. એટલે ચાલતા ચાલતા જ જ્યોતિએ દામલ સામે જોતાં પૂછયું : "સાચું કહેજે દામલ, તું મને સાચે જ પ્રેમ કરે છે ?''

"આ તે.. તું કેવી વાત કરે છે ?'' દામલ બોલ્યો : " તારે મને આવું પૂછવાનું હોય ?''

"પૂછવાનો સમય પાકી ગયો હોય તેમ મને લાગે છે, અલબત કે પૂછવાનો સમય નજીક આવ્યો છે એટલે તો તને પૂછી રહી છું...''

(ક્રમશઃ) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# મહાકુંભમાં ફરી આગ લાગી, ઘણા ટેન્ટ બળી ગયા : ટ્રાફિકના કારણે ફાયર બ્રિગેડ મોડી પહોંચી

પ્રયાગરાજ, તા.૧૫



પ્રવચન મંડળના કેમ્પના પંડાલોમાં શનિવારે સાંજે ૬ વાગ્યે આગ લાગી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ઘણી ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અડધા કલાકમાં આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. હાલમાં આ ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. મેળામાં ભારે ભીડ હોવાથી, ફાયર બ્રિગેડના વાહનોને ઘટનાસ્થળે પહોંચવામાં મોડું થયું. મહાકુંભમાં ચોથી વખત આગ લાગી છે. એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે શ્રી રામ ચરિત માનસ સેવા પ્રવચન મંડળના કેમ્પમાં પણ આગ લાગી હતી. બધા અહીંથી ચાલ્યા ગયા હતા. ખુરશીઓ, તંબુઓ અને ખાદ્ય પદાર્થો બળી ગયા. કેમ્પમાં નોટોની ત્રણ થેલી રાખવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે એક બેગ સુરક્ષિત રાખવામાં આવી છે. એવી શક્યતા છે કે બે બેગ બળી ગઈ હશે. શનિવારે મહાકુંભ મેળામાંથી એક લાખ દાંડી સ્વામી સંતોએ પ્રસ્થાન કર્યું હતું. આજે ૧.૩૬ કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું જ્યારે ૧૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૫૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે.

# સુરત શહેરમાં બે રોડ અકસ્માતમાં પાંચ યુવકોના મોતથી અરેરાટી

(એચ.એસ.એલ),સુરત,તા.૧૫



રાજ્યમાં અકસ્માતોની વણઝાર ચાલી રહી છે, ત્યારે ગુજરાતમાં આજના દિવસે સુરતમાં બે મોટી અકસ્માતની ઘટના સામે આવી રહી છે. ઉમરપાડાના વાડી-ઉમરઝર ગામ રોડ પર ઈકો કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ યુવકના મોત થયાં છે, જ્યારે ઉમરાથી અઠવાગેટ તરફ જતી વેળાએ મોટર સાયકલ ડિવાઈડર સાથે ભટકાતા બે યુવકોના મોત થયા છે. પારલે પોઈન્ટના બ્રિજ પર ગંભીર અકસ્માતની ઘટના બની છે. જેમાં ડિવાઈડર સાથે ભટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બંને યુવાનોનું ટૂંકી સારવાર બાદ મોત થયું હતું. એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. સુરત અકસ્માતમાં ત્રણ યુવકના કમકમાટીભર્યા મોત થયા છે. ઉમરપાડાના વાડી-ઉમરઝર ગામ રોડ પર આ અકસ્માત થયો હતો. જેમાં ઈકો કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ગંભીર ઈજાના કારણે બાઈક સવાર ત્રણ યુવકના મોત નિપજ્યા છે. મૃતક યુવકો સાગબારા તાલુકાના વતની હોવાનું જાણવા મળી રહ્યું છે. આજથી રાજ્યમાં હેલમેટનો કાયદો ફરજિયાત થવા જઈ રહ્યો છે, ત્યારે હેલ્મેટની અમલવારી પહેલાં સુરતમાં બીજા એક અકસ્માતની ઘટનામાં બે યુવાનોના કમકમાટીભર્યા મોત થયા છે.

# નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી માટે આજે મતદાન યોજાશે

ગાંધીનગર,તા.૧૫

નગરપાલિકા, મહાનગરપાલિકાની ચૂંટણી માટે ૧૬ ફેબ્રુઆરી રવિવારે મતદાન થવાનું છે. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મતગણતરી કરવામાં આવશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૨૧૩ બેઠક બિનહરીફ વિજેતા જાહેર થઈ ચૂકી છે. આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે રાજ્ય ચૂંટણીપંચે અને તંત્રએ ચૂંટણીઓની તૈયારીઓ કરી લીધી છે. મતદાન ઈવીએમ દ્વારા સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી થશે. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મતગણતરી કરવામાં આવશે અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૨૧ ફેબ્રુઆરીના રોજ પૂર્ણ થશે. જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડની ૬૦ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી માટે મતદાન થશે. તો સાથે જ રાજ્યની ૬૬ નગરપાલિકાઓના ૪૬૧ વોર્ડની ૧૮૪૪ બેઠકો માટે સામાન્ય ચૂંટણી, ૨ નગરપાલિકા બોટાદ અને વાંકાનેરના ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટેની મધ્ય સત્ર ચૂંટણી યોજાશે.

# રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે રૂ.૮૨૯૫ કરોડથી વધુની મગફળીની ખરીદી કરાઈ

ગાંધીનગર,તા.૧૫

ભારત અને ગુજરાત સરકારના પ્રો-એક્ટિવ પ્રયાસોના પરિણામે ખેડૂતોની સંખ્યા અને ખરીદ જથ્થાની દ્રષ્ટિએ રાજ્યમાં મગફળી પાકની વિક્રમજનક ખરીદી થઈ છે. સાથે જ, ખેડૂતોને ચૂકવણું પણ ખરીદી બાદના માત્ર ૭ જ દિવસમાં કરવાનો નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. આ સંદર્ભે વિગતો આપતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યના ખેડૂતો પાસેથી મગફળીની અત્યાર સુધીની સૌથી વધુ ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન ખરીદી કરવામાં આવી છે. રાજ્યના ૩.૬૯ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ.૮,૨૯૫ કરોડથી વધુ મૂલ્યની મગફળી ખરીદવામાં આવી છે. તેમણે જણાવ્યું કે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ દ્વારા એક



ખેડૂત પાસેથી પ્રતિદિન ૧૨૫ મણ મગફળીની ખરીદીની મર્યાદામાં વધારો કરીને ૨૦૦ મણ પ્રતિદિન નિયત કરવામાં આવી હતી. જેના પરિણામે છેલ્લા પાંચ વર્ષમાં થયેલી મગફળીની કુલ ૨૨.૮૪ લાખ મેટ્રિક ટન ખરીદી સામે આ એક જ વર્ષમાં રેકોર્ડબ્રેક ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન ખરીદી થઈ છે. જેનાથી ખેડૂતોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. મંત્રીએ કહ્યું કે, ખેડૂતો વાવેતર કરે તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવાની નવી પ્રણાલીથી ખેડૂતો નિશ્ચિંત થઈને વાવેતર કરી રહ્યા છે.

# અમરેલી નગરપાલિકામાં કમળના નિશાનને ચૂંટવા કોમલબેન રામાણીની અપીલ

અમરેલી, તા.૧૫



અમરેલી નગરપાલિકા વોર્ડ નં.૫ અને વોર્ડ નાં.૯ની પેટાચૂંટણી માટે આજે મતદાન થવાનું છે. જેમાં ભાજપના ઉમેદવાર કોમલબેન રામાણીએ કમળના નિશાનને ચૂંટી કાઢવા માટે મતદારોને અપીલ કરી છે. અમરેલી નગરપાલિકાની પેટાચૂંટણીમાં કમળ ખીલે તે માટે ડોર ટુ ડોર પ્રચાર પ્રસાર કર્યો હતો તેમજ વધુમાં વધુ લોકો મતદાન કરી પોતાની પવિત્ર ફરજ પુરી કરે તેવું આહ્‌વાન કર્યું છે.

# વીંછીયાના હિંગોળગઢ ખાતે પ્રેમીપંખીડાએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

જસદણ, તા.૧૫



તસવીર : કૃણાલ પોપટ

વીંછીયાના હિંગોળગઢ ગામમાં એક કરુણ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં બે અજાણ્યા પ્રેમી-પંખીડાએ બપોરના સમયે ઝાડ પર ગળેફાંસો ખાઈને પોતાની જીવનની માનહાની કરી. આ ઘટના વીડી વિસ્તારમાં બની, જ્યાં ઘટના સ્થળે હાજર પોલીસ, મામલતદાર અને એફ.એસ.એલ. દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં, બંને મૃતકની અંદાજિત વય ૨૦ થી ૨૨ વર્ષનું હોવાનું જણાયું છે. આ પ્રેમી યુવાન અને યુવતીના આત્મહત્યાનું કારણ સંભવિત રીતે પ્રેમપ્રકરણ સાથે સંકળાયેલું હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. મૃતક યુવક વીંછીયાના ગુંદાળા ગામનો અને યુવતી અમરેલી જિલ્લાના માચીયાળા ગામની હોવાનું સામે આવ્યું છે. બંનેના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આગળની તપાસ કરવામાં આવી રહી છે.

# આજે થનાર નગરપાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપ તરફી મતદાન કરવા કૌશિક વેકરીયાની હાકલ

**લોકશાહીના આ પર્વમાં વધુમાં વધુ લોકો મતદાન કરે તેવી અપીલ પણ કરવામાં આવી**

અમરેલી, તા.૧૫



અમરેલી જિલ્લામાં ચાર નગરપાલિકા અને તાલુકા પંચાયત, અમરેલી અને સાવરકુંડલા નગરપાલિકામાં પેટાચૂંટણીનાં આજે થનારા મતદાન માટે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સ્થાનિક ભાજપનાં આગેવાનોએ ભાજપ તરફી મતદાન કરવા માટે હાકલ કરી છે. લોકશાહીનાં આ પર્વમાં વધુમાં વધુ લોકો મતદાન કરે તેવી અપીલ પણ કરવામાં આવી છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને અમરેલી વહીવટી તંત્ર સજ્જ

અમરેલી, તા.૧૫



સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આજે થનારા મતદાનને લઈને અમરેલી વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. અને તેના માટે તૈયારીઓ પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. સ્ટ્રોંગ રૂમમાંથી ઈવીએમ મતદાન મથક સુધી પહોંચાડી દેવામાં આવ્યા છે. દિવ્યાંગ અને વિકલાંગ મતદારો માટે વ્હિલચેર વગેરેની વ્યવસ્થાઓ પણ કરાઈ છે. સંવેદનશીલ બુથ મથકો પર પોલીસ બંદોબસ્તમાં વધારો કરાયો છે. તમામ જગ્યા ઉપર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર સજ્જ થયું છે.

# અમરેલી જિલ્લામાં ૪ સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૭૮ બોટલ ઝડપાઈ

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં પ્રોહિબીશનની પ્રવૃત્તિ કરતાં ઈસમો સામે પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. તેમ છતાં ૪ સ્થળેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૫૭૮ બોટલ ઝડપાઈ હતી. અમરેલી જેસીંગપરા શેરી નં.૫ મીરાપાર્ક રામાપીરના મંદિરની પાસેથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૪૨૦ બોટલ સહિત કુલ રૂપિયા ૨,૮૩,૯૦૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદમાંથી અમરેલી એલસીબી ટીમે બંદર રોડ પર રોડની કિનારીએ બાવળ નીચેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૨ બોટલ સહિત ૬૭૪૪ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જાફરાબાદ ટાઉન વિસ્તારમાંથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૪૧ બોટલ સહિત ૨૨,૧૭૫ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જાફરાબાદ ટાઉન વિસ્તારમાંથી પોલીસે ૫ બોટલ જપ્ત કરી હતી. પોલીસે ચારેય સ્થળેથી મળી કુલ ૩,૦૧,૧૬૭ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સિવાય એક મહિલા સહિત ૩ લોકો પાસેથી ૨૫ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. અમરેલી, ફતેપુર રોડ, ઠેબી નદીના કાંઠેથી દેશી દારૂ બનાવવાનો ૨૩૦ લીટર આથો પકડાયો હતો. અમરેલીમાં ફતેપુર રોડ, નવા હુડકો કવાર્ટર્સ સામે આવેલ ડર્ટી પાસે આવેલ ઠેબી નદીના કાંઠેથી દેશી દારૂની બે ભઠ્ઠી ઝડપાઈ હતી. તેમજ પાંચ ઈસમો વીના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# ચિતલ ગામેથી મોણપુરના કડિયાનું બાઇક ચોરાયું

અમરેલી, તા.૧૫

ચિતલ ગામે વોરાવાડમાં મોણપુર ગામના કડિયાનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે મોણપુર ગામે રહેતા લાલજીભાઈ સોમાભાઈ નકુમ (ઉ.વ.૪૨) એ જાહેર કર્યા મુજબ, તે ચિતલ ગામે વોરાવાડમાં મનસુરભાઈ લક્ષ્મીધરના ઘરે કામે આવ્યા હતા. તેના ઘરની સામે પોતાનું મોટર સાયકલ બજારમાં પાર્ક કર્યું હતું. જ્યાંથી અજાણ્યો ઈસમ તેની ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો.

# ચલાલામાં માનસિક બીમારીથી કંટાળી પરિણીતાએ ગળાફાંસો ખાધો

**બાબરાના નીલવડા ગામે યુવતીએ ઝેરી દવા પીધી**

અમરેલી, તા.૧૫

અમરેલી જિલ્લામાં અપમૃત્યુના બે બનાવ પોલીસ ચોપડે નોંધાયા હતા. ચલાલામાં એક પરિણીતાએ માનસિક બીમારીથી કંટાળી ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. પ્રકાશભાઈ રૂપાભાઈ ગોહિલ (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની પારૂલબેન પ્રકાશભાઈ ગોહિલ (ઉ.વ.૨૯) એ માનસિક બીમારીથી કંટાળી પોતાની મેળે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવના પગલે ચકચાર મચી ગઈ હતી. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઘવભાઈ અરજણભાઈ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના નીલવડા ગામે રહેતા ભીખુભાઈ વેલાભાઈ સાકરીયા (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી ફુલીબેન ભીખુભાઈ સાકરીયા (ઉ.વ.૨૨)ને ઘરકામ બાબતે ઠપકો આપતાં લાગી આવ્યું હતું. જેથી તેણીએ વાડીએ ઝેરી દવા પી લેતાં મરણ પામી હતી. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.જી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# મહેશ કસવાળા અને જે.વી.કાકડીયાની આગેવાનીમાં મોરઝર ગામે ભાજપનો સઘન ચૂંટણી પ્રચાર

અમરેલી, તા.૧૫



મીઠાપુર ડુંગરી તાલુકા પંચાયત સીટની પેટાચૂંટણીને લઈને ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા મોરઝર ગામે ઝંઝાવાતી પ્રચાર કરવામાં આવ્યો હતો. ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી અને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને ધારાસભ્ય જે.વી.કાકડીયાની આગેવાનીમાં સઘન ચૂંટણી પ્રચાર યોજાયો, જેમાં ભાજપના કાર્યકરો અને સમર્થકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રચાર કાર્યક્રમમાં ઉમેદવાર મંગળુભાઈ વાળા ઉપરાંત તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પંચાયત સદસ્ય ખોડાભાઈ ભુવા, તાલુકા પંચાયત સદસ્ય અનવરભાઈ લલીયા, બજરંગ ગ્રુપ પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, માર્કેટીંગ યાર્ડના ડિરેક્ટર હર્ષદભાઈ રાવલ, ઉમેશભાઈ ધાંધલ, બગસરા તાલુકા પંચાયત ઉપ પ્રમુખ હસમુખભાઈ બાબરીયા, સદસ્ય અશ્વિનભાઈ કોરાટ, સરપંચ અરવિંદભાઈ ભેસાણીયા, ઝરપરા સરપંચ વશરામભાઈ સોલંકી, ભાજપ આગેવાન જયેશભાઈ ભેસાણીયા, બ્રીજેશભાઈ ભેસાણીયા તેમજ ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં મતદાર ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથની વેણેશ્વર સોસાયટીના જાહેર રોડ પર ગંદા પાણી છલકાતા લોકો ત્રાહિમામ

**નગરપાલિકાની ઘોર બેદરકારીથી લોકોમાં રોષ**

સોમનાથ,તા.૧૬



તસવીર : કૈલાશ ભટ્ટ

સોમનાથ પ્રભાસ પાટણમાં આવેલી વેણેશ્વર સોસાયટીના જાહેર રોડ ઉપર નગરપાલિકાની ઘોર બેદરકારીના કારણે ગટરના ઢાંકણા ઉપરથી છલકાઈને પાણી રોડ ઉપર કેટલાય દિવસોથી ચોમાસાની જેમ વહે છે. આ બાબતે થોડા દિવસો પહેલા નગરપાલિકામાં અરજી પણ આપેલ હોવા છતાંય બેદરકારી યથાવત છે અને દાદ દેવાતી નથી. આ સ્થિતિમાં રોગચાળો ફેલાવાનો ભય રહે છે. આસપાસના પક્ષીઓ પણ આ ગંદુ પાણી પીવે છે જેને કારણે તેના ઉપર જોખમ રહે છે. અન્ય વિસ્તારોમાં વેરાવળથી પાટણ રોડ ઉપર ગટરના ઢાંકણા ખોલી સફાઈ કરેલ છે. જ્યારે અહીં ઓરમાયું વર્તન થતું હોવાનું સ્થાનિક લોકોનો આક્ષેપ છે. નગરપાલિકાના સભ્ય ચૂંટાયા પછી જરા પણ ધ્યાન દેતા નથી તેવો આક્ષેપ લોકોએ કર્યો છે.

कला यस्मिन् प्रतिष्ठिताः
इन्दिरा गांधी राष्ट्रीय कला केन्द्र
INDIRA GANDHI NATIONAL CENTRE FOR THE ARTS

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Gujarat Tourism



# સોમનાથ મહોત્સવ
## કલા દ્વારા આરાધના



# કલા અને સંસ્કૃતિ દ્વારા આરાધનાનો અલૌકિક ઉત્સવ

શ્રી સોમનાથ મંદિર, ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે વિશ્વભરમાં જાણીતું છે. મહાશિવરાત્રીના પાવન અવસર પર અહીં દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ વર્ષે શિવરાત્રીના મહાપર્વ પર શ્રદ્ધાળુઓ માટે કલા સાથે આરાધનાના ઉદ્દેશ્યથી તા.24 થી 26 ફેબ્રુઆરી, 2025 દરમિયાન શાસ્ત્રીય સંગીત અને નૃત્ય કલાના ત્રિ-દિવસીય "સોમનાથ મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



## ત્રિ-દિવસીય મહોત્સવની રૂપરેખા

### દિવસ 01 | 24મી ફેબ્રુઆરી

- ડૉ. સોનલ માનસિંહ (પદ્મ વિભૂષણ) દ્વારા 'નાટ્યકથા હર હર મહાદેવ'ની પ્રસ્તુતિ
- કુ. સૂર્યાગાયત્રી દ્વારા શિવ ભજન
- વિદુષી રામા વૈધનાથન દ્વારા 'નિમગ્ન'ની પ્રસ્તુતિ
- ડ્રમ્સ શિવમણિ અને શ્રી પંડિત રોનુ મઝુમદાર (પદ્મશ્રી) (કીબોર્ડ પર શ્રી અતુલ રાણીંગા)ની જુગલબંધી

### દિવસ 02 | 25મી ફેબ્રુઆરી

- શ્રી રામચંદ્ર પુલાવર (પદ્મશ્રી) દ્વારા શેડો પપેટ્રી શો
- વિદુષી સુધા રઘુરામન દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ
- શ્રી કુમુદિની લાખિયા (પદ્મ વિભૂષણ) અને કદંબ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ
- શ્રી અતુલ પુરોહિત દ્વારા ભજન

### દિવસ 03 | 26મી ફેબ્રુઆરી (શિવરાત્રી)

- બરોડા કેરલા સમાજમ દ્વારા સિંગરી મેલમ તથા નિલેશ પરમાર દ્વારા ગુજરાતી લોકનૃત્યની પ્રસ્તુતિ
- શ્રી યોગેશ ગઢવી દ્વારા ડાયરાની પ્રસ્તુતિ
- શ્રીમતી રાજશ્રી વોરિયર અને ગ્રુપ દ્વારા પ્રસ્તુતિ
- શ્રી મૈસુર મંજુનાથ દ્વારા વાયોલિન પ્રસ્તુતિ
- સ્પર્શ સ્ટુડિયો ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ (શ્રીમતી સુમન સ્વરાગી) દ્વારા 8 શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો દ્વારા શિવ મહિમાની પ્રસ્તુતિ
- પંડિત વિશ્વમોહન ભટ્ટ (પદ્મ ભૂષણ) તથા પંડિત સલિલ ભટ્ટ દ્વારા 'ડેઝર્ટ સ્લાઇડ્સ'ની પ્રસ્તુતિ
- પંડિત શશાંક સુબ્રમણ્યમ દ્વારા વાંસળી વાદન
- માઇસ્ટ્રો બિક્રમ ઘોષ દ્વારા "રિધમસ્કેપ"

**આ શિવરાત્રી ઉજવો શિવભૂમિ ગુજરાતમાં**



**સોમનાથ મહાદેવ**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં સૌપ્રથમ માનવામાં આવે છે.



**ભવનાથ મહાદેવ**
ગિરનારની તળેટીમાં ભવનાથ રૂપે શિવજી બિરાજે છે.



**હાટકેશ્વર મહાદેવ**
વડનગરમાં સ્થિત હાટકેશ્વર મહાદેવ એક અત્યંત પ્રાચીન અને પૂજનીય મંદિર છે.



**નાગેશ્વર મંદિર**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં થી એક અને ગુજરાતમાં સ્થિત બે જ્યોતિર્લિંગ માંથી એક છે.

**સોમનાથ મહોત્સવ** 24 થી 26 ફેબ્રુઆરી, 2025 | સાંજે 7.00 વાગ્યાથી | સમુદ્રદર્શન પથ પાસેનું મેદાન, સોમનાથ મંદિરની પાસે, ગીર સોમનાથ

www.gujarattourism.com | Toll Free number - 1800 203 1111

"વાધમ્-નાદસ્ય યાત્રા" પર વિશેષ પ્રદર્શનનું આયોજન | સોમનાથ પર સેમિનાર: મંદિર, તીર્થ અને પરંપરા | ત્રિવેણી ઘાટ પર સાંજે સંગમ આરતીનું આયોજન | કલાંજલિ: ખ્યાતનામ કલાકારો દ્વારા નાટ્ય- સંગીતના કાર્યક્રમોની પ્રસ્તુતિ